dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-83 | AD-2024, Magashirsha Vad-11 | Thursday, Dt.26-12-2024 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00

### વિમાનને અક્તાઉ શહેરથી ૩ કિ.મી. દુર ઈમરજન્સી લેન્ડિંગ કરવુ પડ્યું, રન-વે પર ઉતરતા પ્લેન અગનગોળો બન્યું

# અઝરબૈજાનથી રશિયા જતું વિમાન ક્રેશ : ૩૯ના મોતની આશંકા

## ૨૮ લોકોને બચાવી લેવામાં આવ્યા, ૨૨ને હોસ્પિટલમાં દાખલ કરાયા




અક્તાઉ,તા.૨૫

બુધવારે સવારે કઝાકિસ્તાનના અક્તાઉમાં એક પેસેન્જર પ્લેન ક્રેશ થયું હતું. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, પ્લેનમાં ૬૨ મુસાફરો અને ૫ ક્રૂ મેમ્બર હતા. જેમાંથી ૨૮ લોકોને બચાવી લેવાયા છે. ૨૨ને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘાયલોમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે જેમની હાલત ગંભીર છે. આ અકસ્માતમાં ૩૯ લોકોના મોતની આશંકા છે. વિમાન અઝરબૈજાનથી રશિયાના ચેચન્યા પ્રાંતની રાજધાની ગ્રોઝની જઈ રહ્યું હતું, પરંતુ તેણે કઝાક શહેર અક્તાઉથી લગભગ ૩ કિમી દૂર ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું. એજન્સીઓના જણાવ્યા અનુસાર ગાઢ ધુમ્મસને કારણે ફ્લાઈટનો રૂટ બદલવામાં આવ્યો હતો. ક્રેશ થતા પહેલા વિમાને એરપોર્ટના અનેક ચક્કર લગાવ્યા હતા. પાઈલટે ઈમરજન્સી લેન્ડિંગની પરવાનગી પણ માગી હતી. જોકે, બાદમાં તેને એરપોર્ટ નજીકના બીચ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. ક્રેશ થયેલું પ્લેન અઝરબૈજાન એરલાઈન્સનું એમ્બ્રેર ૧૯૦ મોડલ હતું. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે વિમાન ક્રેશ થતાની સાથે જ તેમાં આગ લાગી ગઈ હતી. કઝાકિસ્તાનના પરિવહન મંત્રાલયનું કહેવું છે કે, તેઓ આ અકસ્માતની વિશેષ તપાસ કરશે. રશિયન મીડિયાના અહેવાલો અનુસાર, આ દુર્ઘટના પક્ષીઓનાં ટોળાં સાથે અથડાવાને કારણે થઈ છે, કઝાકિસ્તાનના ઈમર્જન્સી મંત્રાલયના જણાવ્યા અનુસાર, કુલ ૫૨ બચાવ ટીમ અને ૧૧ બચાવ ઉપકરણોને દુર્ઘટના સ્થળ પર મોકલવામાં આવ્યાં હતા. વિમાન સાથે પક્ષીઓની અથડામણ ઘણી રીતે જોખમી છે. આમાં પક્ષીઓનું એન્જીનમાં ઘૂસવુ, વિન્ડશિલ્ડ સાથે ટકરાવું અથવા વિમાનની પાંખ અને પૂંછડી સાથે ટકરાવું મહત્વપૂર્ણ છે. જ્યારે પક્ષીઓ એરક્રાફ્ટ એન્જિનને અથડાઈને તેમાં પ્રવેશ કરે છે, ત્યારે તેઓ પંખાના બ્લેડ અથવા કોમ્પ્રેસરને નુકસાન પહોંચાડે છે. જેના કારણે એરક્રાફ્ટનું એન્જિન બંધ થઈ જાય છે. ૨૦૦૯માં હંસનું ટોળું યુએસ એરવેઝ ફ્લાઈટ ૧૫૪૯ના એન્જિન સાથે અથડાયું હતું. જેના કારણે બંને એન્જિન ફેલ થઈ ગયા હતા. જેના કારણે ફ્લાઈટને હડસન નદીમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. જો પક્ષી વિન્ડશિલ્ડ સાથે અથડાય છે તો કાચ તૂટી જવાની શક્યતા હોય છે. જેના કારણે પાઈલટ્સની દૃષ્ટિ પ્રભાવિત થઈ શકે છે અથવા ઈજા થઈ શકે છે. જેના કારણે પ્લેન નિયંત્રણ બહાર જવાનો ભય રહે છે. તે જ સમયે વિમાનના અન્ય ભાગો સાથે પક્ષીઓની અથડામણને કારણે વિમાનની એરોડાયનેમિક્સને અસર થાય છે. જેના કારણે તેઓ નિયંત્રણની બહાર જાય છે. એમ્બ્રેર ૧૯૦ એ બે જેટ એન્જિન ધરાવતું વિમાન છે. તેનો ઉપયોગ પ્રાદેશિક હવાઈ જોડાણ માટે થાય છે. આ નેરો બોડી એરક્રાફ્ટ ૨૦૦૪માં લોન્ચ કરવામાં આવ્યું હતું. તેની કોમર્શિયલ ફ્લાઈટ્સ ૨૦૦૫માં શરૂ થઈ હતી. અલગ-અલગ બેઠક વ્યવસ્થા અનુસાર, તેમાં મુસાફરો અને ક્રૂ મેમ્બર સહિત ૯૦થી ૯૮ લોકો મુસાફરી કરી શકે છે. એમ્બ્રેર ૧૯૦ જેટ બે ટર્બોફન એન્જિનથી સજ્જ છે, જેના કારણે તે ૪૦૦૦ કિ.મી. જેટલું લાંબું અંતર કાપી શકે છે.




# વડોદરા રહેતા મધ્યપ્રદેશના પરિવારનો રાજસ્થાનમાં અકસ્માત : પાંચના મોત



કરૌલી,તા.૨૫

રાજસ્થાનના કરૌલીમાં બસ અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં ૩ મહિલા સહિત ૫ લોકોનાં મોત થયાં હતા, જ્યારે ૧૫થી વધુ લોકો ઘાયલ થયા છે. ૫ ઘાયલ લોકોની હાલત ગંભીર છે અને તેમને કરૌલી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકો મૂળ એમપીના વતની હતા અને હાલમાં વડોદરામાં રહેતા હતા. તેઓ તમામ રાજસ્થાનમાં કૈલા દેવી મંદિરનાં દર્શન કરવા આવ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. કરૌલી-ગંગાપુર રોડ પર સલેમપુર ગામ પાસે મંગળવારે રાત્રે ૮ વાગ્યે આ અકસ્માત થયો હતો. અકસ્માતમાં મૃત્યુ પામેલા પાંચેય લોકો કારમાં મુસાફરી કરી રહ્યા હતા. તેઓ મૂળ મધ્યપ્રદેશના ઈન્દોરના વતની હતા. સાલેમપુર ગામ નજીક આવેલી ખાનગી હોસ્ટેલની સામે રાત્રે લગભગ ૮ વાગ્યે કાર બસ સાથે અથડાઈ હતી જેમાં ૫ લોકોનાં મોત થયા હતા. બસમાં મુસાફરી કરી રહેલા ૧૫થી વધુ લોકો ઘાયલ થયા છે. સ્થળ પર હોબાળો મચી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ગ્રામજનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘાયલોને બહાર કાઢીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.







# 'પીલીભીત એન્કાઉન્ટરનો બદલો મહાકુંભ મેળામાં લઈશું', પન્નુની ધમકી



પીલીભીત,તા.૨૫

ગુરપતવંત સિંહ પન્નુએ ઉત્તર પ્રદેશના પીલીભીતમાં ૩ ખાલિસ્તાની આતંકવાદીઓના એન્કાઉન્ટર પર એક ધમકીભર્યો વીડિયો જાહેર કર્યો છે. તેણે પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી શરૂ થનારા મહાકુંભ મેળામાં પીલીભીત એન્કાઉન્ટરનો બદલો લેવાની જાહેરાત કરી હતી. પન્નુ ખાલિસ્તાની આતંકવાદી છે. તે અમેરિકામાં બેઠો છે. તેણે કહ્યું, હિંદુઓ મહાકુંભને આતંકવાદનો છેલ્લો મહાકુંભ બનાવશે. તે પીલીભીતમાં માર્યા ગયેલા ખાલિસ્તાની આતંકવાદીઓને નિર્દોષ ગણાવી રહ્યો છે. મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયા આપવાની સાથે અલગ ખાલિસ્તાન બનાવવાની પણ બુમરાડ છે. પન્નુએ પીએમ મોદી અને સીએમ યોગી વિરુદ્ધ પણ અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. આ વીડિયો સામે આવ્યા બાદ પીલીભીત પોલીસે આ મામલાની નોંધ લીધી હતી. પોલીસ અધિક્ષક અવિનાશ પાંડેએ સાયબર પોલીસ સ્ટેશનમાં પન્નુ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. પન્નુએ કહ્યું કે, ૧૯૯૧માં આ જિલ્લા (પીલીભીત)ની પોલીસે ૧૧ નિર્દોષ શીખોની હત્યા કરી હતી. હવે ફરી હિન્દુ આતંકવાદે બનાવટી એન્કાઉન્ટરમાં ત્રણ નિર્દોષ યુવાનોની હત્યા કરી નાખી છે. શીખ જસ્ટિસ આનો બદલો લેશે. ત્રણ તારીખો યાદ રાખો, ૧૪મી જાન્યુઆરી, ૨૯મી જાન્યુઆરી અને ૩જી ફેબ્રુઆરીએ મહાકુંભમાં આનો બદલો લેવામાં આવશે. હિન્દુઓ આ મહાકુંભને આતંકવાદનો છેલ્લો મહાકુંભ બનાવશે.









### અશ્વિનભાઈ સાવલીયાની રાહબરી નીચે પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ, પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના ઉદ્‌ઘાટનનું

# અમરેલીમાં અમર ડેરી ખાતે કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરાયુ

અમરેલી,તા.૨૫

"સહકારથી સમૃદ્ધિ" ના મંત્રને સાકાર કરવા ભારત અને ગુજરાત રાજય સરકાર કાર્યરત છે. દિલ્હી ખાતે ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમનું લાઈવ પ્રસારણ અમરેલી સ્થિત અમર ડેરી ખાતે ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાની રાહબરી નીચે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ અને મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવોએ સહકારિતા ક્ષેત્રની પ્રવૃત્તિઓના આયોજન અને તેના દ્વારા થતી આર્થિક ઉન્નતિ વિશેની વિગતો તેમના પ્રવચનમાં જણાવી હતી. દેશમાં નવરચિત ૧૦ હજાર M- PACS, Dairy



અને Fishery કો-ઓપરેટિવ સોસાયટીમાં રાજયની ૫૧૩ સહકારી સંસ્થાઓ અને અમરેલી જિલ્લામાં નવી નોંધાયેલ પાંચ સેવા સહકારી મંડળી તેમજ ૨૪ દૂધ સહકારી મંડળીઓને તેમના



રજિસ્ટ્રેશનના આદેશ તથા ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ ૧૩ મંડળીઓને રુ.૧૧,૫૭,૫૦૦ની સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ સહાય હુકમ વિતરણના સહકારી કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહકારી મંડળી રજિસ્ટ્રાર સંદિપ ભટ્ટે જણાવ્યુ કે, અમરેલી જિલ્લામાં નવતર પહેલના ભાગરુપે દિવ્યાંગજનોની સહકારી મંડળી શરુ કરવામાં આવશે. આગામી સમયમાં તેની નોંધણી સહિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આથી, સહકારી મંડળીને લગતી કામગીરી માટે અમરેલી જિલ્લાના દિવ્યાંગજનોને તેનો લાભ લેવા અનુરોધ છે. અમરેલી અમર ડેરી ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહકારી મંડળી રજિસ્ટ્રાર સંદિપ ભટ્ટ, ડૉ. પટેલ, જયંતિભાઇ પાનસુરિયા, શંભુભાઇ, ભાવનાબેન ગોંડલિયા, ત્રાપસિયા, પ્રવીણભાઇ માંગરોળિયા, કોઠીયા, ધાર્મિકભાઇ રામાણી, અમરેલી જિલ્લા સહકારી ક્ષેત્રના અગ્રણીઓ જોડાયા હતા.

## જસવંતગઢ ગામના સરપંચના પિતાનું નિધન થતાં ચક્ષુદાન કરવામાં આવ્યું

અમરેલી, તા.૨૫

અમરેલીનાં જસવંતગઢ ગામના સરપંચ અશોકભાઈ માંગરોળીયાનાં પિતા કનુભાઈ માંગરોળીયાનું આકસ્મિક નિધન થતાં માંગરોળીયા પરિવાર દ્વારા પ્રેરણાદાયી કાર્ય કરવામાં આવ્યું હતું. માંગરોળીયા પરિવારે કનુભાઈનું ચક્ષુદાન કરી બીજાને



દ્દષ્ટી આપવાનો પ્રયાસ કર્યો હતો. સંવેદના ગૃપ અને રોટરી કલબ સાવરકુંડલા દ્વારા ચક્ષુદાન સ્વીકારવામાં આવ્યું હતું.

### હિમભર્યા પવનોને કારણે તાપમાનનો પારો સડસડાટ નીચે ઉતર્યો

## અમરેલીમાં શીતલહેર : લોકો ઠંડીમાં ઠુંઠવાયા

અમરેલી,તા.૨૫

અમરેલીમાં શિયાળાની સિઝનમાં લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રીની નીચે પહોંચી જતા શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. અમરેલી પંથકમાં માત્ર એક જ રાતમાં પૂર્વોત્તર દિશામાંથી ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે હિમભર્યા પવનો ફુંકાતા તાપમાનનો પારો સડસડાટ ગગડ્યો હતો. લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની નીચે પહોંચી જતા શહેરીજનો કડકડતી ઠંડીનો અનુભવ કરી



રહ્યા છે. આજે વહેલી સવારે કડકડતી ઠંડી જોવા મળી હતી, ગત મોડી રાત્રે ઠંડા પવનોનું સામ્રાજ્ય અકબંધ જોવા મળ્યું હતું. લોકો ઘર બહાર નીકળતા પૂર્વે ગરમ વસ્ત્રોમાં સજ્જ જોવા મળ્યા હતા, રાજ્યના હવામાન વિભાગે કડકડતી ઠંડીની આગાહી કરી હતી, સમગ્ર રાજ્યમાં ખાસ કરીને દરિયાકાંઠાના શહેરો તથા પહાડી વિસ્તારોમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું, જેની શરૂઆત આજે સપ્તાહના પ્રારંભથી જ જોવા મળી હતી. આજે અમરેલીમાં સવારથી ધીમે ધીમે કડકડતી ઠંડી જામતી જાય છે. આજે તાપમાનનો પારો સડસડાટ ગગડીને ૧૩ ડિગ્રીની નીચે પહોંચી જતા શહેરભરમાં ગુલાબી ઠંડીનો અહેસાસ થયો હતો, લોકો રાત્રી દરમિયાન તાપણાનો સહારો લેવા મજબૂર બન્યા છે. ઠંડીનો ચમકારો વધતા રાત્રીના સમયે કુદરતી કર્ફ્યુનો માહોલ જોવા મળી રહ્યો છે.

## સાવરકુંડલામાં ટિફિન મોડું બનતા પતિએ દવા પીધી

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. હાથસણી રોડ પર રહેતા એક યુવકને તેની પત્નીએ ટિફિન બનવામાં હજુ વાર લાગશે તેમ કહી ઉંચા અવાજે વાત કરતાં લાગી આવ્યું હતું. જેને લઈ તેણે ઘરમાં રહેલ કપાસમાં છાંટવાની દવા પી લીધી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે વિદ્યાર્થીઓએ તુલસી દિવસની ઉજવણી કરી

અમરેલી, તા.૨૫

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલેન્સના બાલમંદિર થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓએ તુલસી દિવસની ઉજવણી કરી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા



ખુબ જ ઉત્સાહ સાથે તુલસીના રોપાનું વાવેતર કરીને ભારતીય સંસ્કૃતિ મુજબ તિલક કરવામાં આવ્યા હતા. તુલસીનું મહત્વ અને આરોગ્યલક્ષી તેમજ આધ્યાત્મિક્તા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન વધે તેવી ઉમદા ભાવના સાથે આ ઉજવણી કરવામાં આવેલ હતી.

## બાબરાના દરેડ ગામે મહિલાએ એસિડ પીધું

બાબરા, તા.૨૫

બાબરાના દરેડ ગામે રહેતી એક મહિલાએ એસિડ પીધું હતું. બનાવ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે પરિણીતાના પરિવારજનો વાડીએ કામકાજ અર્થે ગયા હતા ત્યારે અગમ્ય કારણોસર એસિડ પી લીધું હતું. જેને લઈ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

## સા.કુંડલામાં રેડક્રોસ સોસાયટી દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૨૫



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ગાંધી ધર્મશાળા ખાતે આંખોની તપાસ તથા મફત ચશ્મા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો ૭૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો. સાવરકુંડલામાં માનવમંદિરના મનોરોગી બહેનોની આંખોની તપાસ તેમજ જરૂરિયાતમંદને મફત ચશ્મા વિતરણનો કાર્યક્રમ પણ યોજાશે.

## અમરેલી શહેરમાં બેંકના પાર્કિંગમાંથી બાઈક ચોરાઈ

**વેપારીએ અજાણ્યા બાઈક ચોર સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૨૫

અમરેલીમાં બેંકના પાર્કિંગમાંથી કાપડના વેપારીની બાઈક ચોરાઈ હતી. નરેન્દ્રભાઈ લક્ષ્મીચંદ ટીલવાણી (ઉ.વ.૫૦) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ બાઈકની ગાંધીબાગ સુખ અમરદામ મંદિર (ઝુલેલાલ મંદિર) પાસે આવેલી પંજાબ બેંકના પાર્કિંગમાંથી અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે બાઈકની કિંમત ૨૦,૦૦૦ જાહેર થઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

## વિશ્વ સંવાદ કેન્દ્ર-અમરેલી દ્વારા પત્રકારોનું સ્નેહમિલન યોજાયું

અમરેલી,તા.૨૫

અમરેલી ખાતે વિશ્વ સંવાદ કેન્દ્ર અમરેલી જિલ્લા દ્વારા પત્રકાર જગતનું સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ભાવનગર વિભાગ કાર્યવાહ કુલદીપ સિંહ ગોહિલે ઉપસ્થિત રહી, પત્રકારો સાથે સંવાદ કર્યો હતો. તેમણે વર્તમાન સમયમાં સામાજિક સમસ્યાઓના ઉકેલમાં પત્રકારોની ભૂમિકા વિશે તથા અર્બન



નક્સલ, માઓવાદ જેવી વર્તમાન સમસ્યાઓ વિશે ચર્ચા કરી હતી. સાથે જ તેમણે સંઘના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે પંચ પરિવર્તન - સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, પર્યાવરણ, સ્વાધીનતા



અને નાગરિક કર્તવ્ય જેવા વિષયો સમાજ સુધી પહોંચે તે માટે પત્રકારો આગળ આવે તેવી વાત કરી હતી. પત્રકાર મિત્રોએ પણ ઉપરોક્ત વિષય પર તેમના વિચારો રજૂ કરી, સંઘની સાથે મળી સમાજ પરિવર્તન માટે પોતાની ભાગીદારી દાખવવાની તૈયારી દર્શાવી હતી. કાર્યક્રમ બાદ પત્રકારો દ્વારા કુલદીપ સિંહનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લાના પત્રકારો તથા તંત્રીઓ તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અમરેલી જિલ્લા કાર્યવાહ સૌરભભાઈ મકવાણા પણ ઉપસ્થિત રહ્યા હતા તેમ જિલ્લા પ્રચાર પ્રમુખ સંજયભાઈ અગ્રાવતની યાદી જણાવે છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### ત્રણ જિલ્લાની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી એલસીબી

# અમરેલી જિલ્લામાં ઘરફોડ ચોરી કરતી ગેંગનાં ત્રણ સભ્યો ઝડપાયા

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણાં સમયથી ઘરફોડ ચોરીઓ વધતા પોલીસની ઉંઘ હરામ થઈ ગઈ હતી. આ ચોરી કરનાર શખ્સોને પકડવા પોલીસે આરોપીઓની ઓળખ મેળવવા તપાસ શરૂ કરતા ઘરફોડ ચોરી કરતી ગેંગનાં ત્રણ સભ્યોને પકડવામાં પોલીસને સફળતા મળી છે. લાઠી તાલુકાના દેરડી(જાનબાઈ) ગામે ગત તા.૧૫નાં રોજ પરશોતમભાઈ જીંજરીયાના બાપુજીના મકાનમાં અજાણ્યા ઈસમોએ પ્રવેશ કરી રૂમના તાળા તોડી રોકડ અને સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. તેમજ ધીરૂભાઈ બારૈયાનાં મકાનમાં પ્રવેશ કરી સોનાના કાપ અને રોકડ રકમની ચોરી કરી હતી. લક્ષ્મીબેન પરમારના મકાનમાંથી રોકડ અને



સોના-ચાંદીના દાગીનાની ચોરી થયેલી. જે અંગે લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઘરફોડ ચોરી કરનારને પકડવા અમરેલી એલસીબીએ લાઠી પોલીસ સાથે વોચમાં રહી ત્રણ ઈસમોને સોના-ચાંદીના દાગીના સાથે પકડી પાડયા હતા. આ ઈસમોમાં અજય ઉર્ફે બોડીયો જયંતિ ઝાપડીયા રહે. તુરખા જિ.બોટાદ હાલ સુરત, ગોપાલ શીવા પરમાર રહે. પાલીતાણા હાલ સુરત, શ્યામ ઉર્ફે બાડો આતુ પટેલીયા રહે. ગરાજીયા જિ.ભાવનગરવાળાને ઝડપી પાડયા હતા. જયારે અન્ય એક આરોપી ભરત ઉર્ફે પથુડો મનુ વાઘેલા રહે.નવાણીયા જિ.ભાવનગરવાળો ફરાર હોય તેને પકડવા પોલીસે કવાયત હાથ ધરી છે. એલસીબી પોલીસે અમરેલી, ભાવનગર અને રાજકોટ શહેરની ૧૧ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આરોપીઓ પાસેથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ મળી કુલ રૂા.૫,૩૫,૮૮૪નો મુદ્દામાલ ઝપ્ત કર્યો છે.

**આરોપીઓએ ગુનાની કબૂલાત કરી**

અજય અને ગોપાલે સરધાર ગામે રહેણાંક મકાનમાંથી ચોરી કરી હતી. લાઠીનાં જાનબાઈ દેરડી ગામે ત્રણ મકાનોમાં ચોરી કરી હતી. બગદાણા નજીક ગુંદરણા ગામે મકાનમાંથી રોકડ રકમની ચોરી કરી હતી. કરમદીયા ગામે મકાનનું તાળું તોડી રોકડ રકમની ચોરી કરી હતી. બગદાણા ગામે જૂની પોલીસ લાઈનની બાજુમાં સોના-ચાંદીના દાગીના, રોકડ રકમની ચોરી કરી હતી. જેસર ગામે રોકડ રકમ અને ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. બાબરાના લાલકા ગામે મકાનમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. બાબરાનાં રાયપર ગામે સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. બાબરાના સુકવળા ગામે સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. બાબરાના જીવાપર ગામે મકાનમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. બાબરાના કરીયાણા ગામે બંધ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમની ચોરી કરી હતી.

## સાવરકુંડલાના વેપારીને શેરબજારમાં રોકાણ કરવાના બહાને ૪.૪૮ લાખનો ચૂનો લગાવ્યો

**સા.કુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. સી.એસ. કુગસિયા દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલામાં રહેતા એક વેપારીને શેરબજારમાં રોકાણ કરવાના બહાને અમદાવાદ અને પાલનપુરના બે ઈસમોએ રૂપિયા ૪,૪૮,૮૭૦ રૂપિયાનો ચુનો લગાવ્યો હતો. બનાવ અંગે મનિષભાઈ રમેશભાઈ ભટ્ટ (ઉ.વ.૪૩)એ અમદાવાદના નાના ચીલોડામાં રહેતા કેવીનભાઈ પ્રવિણભાઈ ભટ્ટ ઉર્ફે જયેશ વિનોદભાઈ વાઢેર તથા પાલનપુરના જીતુમીયા અહેમદખાન ઘાસુરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને શેરબજારમાં આઈપીઓમાં રોકાણ કરવા અને નફો આપવાની લાલચ આપી કુલ ૪,૮૦,૭૦૦ રૂપિયા પડાવી લીધા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. સી.એસ.કુગસિયા વધુ તપાસ કરી રહ્યા છે.

## કવિ વિનોદ જોશીને 'કવિવર રમેશ પારેખ એવોર્ડ'-૨૦૨૪ એનાયત

અમરેલી, તા.૨૫

ગુજરાતી ભાષાના વિશ્વ પ્રસિદ્ધ અને અમરેલીના પનોતાપુત્ર કવિ રમેશ પારેખના જન્મદિવસની ઉજવણીના ઉપક્રમે નાથીમા અને હરીબાપા પરમારની સ્મૃતિમાં પ્રતિવર્ષ અપાતો કવિવર રમેશ પારેખ એવોર્ડ આ વર્ષે જાણીતા ગુજરાતી કવિ વિનોદ જોશીને એનાયત કરાયો હતો. ૧૪ ડિસેમ્બરે અમરેલીની એસ.એસ.



અજમેરા સ્કૂલ ખાતે મનોહર ત્રિવેદી, શાંતિલાલ પરમાર, સંજુ વાળા, ડૉ. ભરત કાનાબાર, હાર્દિક કત્રોડિયા, જીતેન ધોળકિયા વગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં આ એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે અપેક્ષા ભટ્ટે વિનોદ જોશી અને રમેશ પારેખની કવિતાઓનું ગાન કર્યુ હતું. રમેશ પારેખ સાહિત્ય વર્તુળના પ્રમુખ હરજીવન દાફડાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન વર્તુળના ઉપપ્રમુખ કવિ હરેશ વડાવિયાએ કર્યું હતું. આ કાર્યક્રમને ચિંતન જ્વેલર્સ, અમરેલીના હાર્દિક કત્રોડિયા અને જીતેન ધોળકિયાનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું.

## રાજુલાની ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓ પોલિટેકનિકની મુલાકાતે



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૨૫

રાજુલાની શ્રીમતી ટી.જે. બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ જી.એમ.બી. પોલિટેકનિક ની મુલાકાત લઈ તેમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતી મેળવી હતી. તેમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ, અભ્યાસ તથા આગળની તકો વિશે માહિતી મેળવી હતી. આ માટે પોલિટેકનિકના આચાર્ય તથા સમગ્ર સ્ટાફ પરિવારે ખૂબ જ સુંદર માર્ગદર્શન પૂરું પાડયું હતું.


ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079


## જિલ્લામાં ૯ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં પોલીસે ૯ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. જ્યારે ૧૦ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. આ સિવાય ૧૦થી વધુ ઈસમો નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.


### અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ. નરેન્દ્રભાઈ રતિલાલ વણઝારા (ઉં.વર્ષ.૬૬) નું દુઃખદ અવસાન થતાં તેમની પ્રાર્થનાસભા /ઉઠમણું તારીખ ૨૬-૧૨-૨૪ના ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ લોહાણા મહાજન વાડીમાં રાખેલ છે. તેમની પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**દામનગર**

ગુજરાતી પટેલ (દામનગર) લખમણભાઈ (લખાભાઈ) શામજીભાઈ ધોળકિયા (ઉ.વ.૭૩-દિવ્યાંગ) તે સ્વ. કાળુભાઈ, મુક્તાબેન હિમ્મતભાઈ (સુરત), બાબુભાઈ, નાનજીભાઈ અને ગોવિંદભાઈના ભાઈનું દામનગર મુકામે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૬-૧૨ને ગુરુવારે સવારના ૮થી સાંજના ૫ સુધી તેમના નિવાસ સ્થાન ૧૧૧- પ્લોટ, દામનગર રાખેલ છે.

**જશવંતગઢ (ચિત્તલ)**

સ્વ. કનુભાઈ માંગરોળીયાનું તા. ૨૫/૧૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ અશોકભાઈ માંગરોળીયા, સરપંચ જશવંતગઢ તથા અશ્વિનભાઈ માંગરોળીયાના પિતાશ્રી થાય છે. સદ્દગતનું બેસણું આજરોજ તા.૨૬ને ગુરૂવારનાં સવારે ૯:૦૦ થી રાત્રીનાં ૯:૦૦ વાગ્યા સુધી જશવંતગઢ(ચિત્તલ) તેમના નિવાસસ્થાને રાખેલ છે.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧


### CHANGE OF NAME

I hereby declarer, Jayantibhai Parshotambahai Kakadia. My old name has been changed from Jaynitlal Parshotambahai Kakadia to Jayantibhai Parshotambahai Kakadia.

So from now on I will be known by this name


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીકસ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**જિલ્લા બાગાયત, જિલ્લા કલેક્ટર અને જિલ્લા માહિતી કચેરીને અનુક્રમે બેસ્ટ, ઈમર્જિંગ અને એસ્પાયરિંગ પ્રમાણપત્ર અપાયા**

# અમરેલી જિલ્લા કલેક્ટર દ્વારા અધિકારીઓને સન્માનિત કરાયા

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયા અને કાર્યકારી જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા અને અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયાએ અમરેલી જિલ્લા બાગાયત, જિલ્લા કલેક્ટર અને જિલ્લા માહિતી કચેરીને અનુક્રમે બેસ્ટ, ઈમર્જિંગ અને એસ્પાયરિંગ એમ ત્રણ અલગ-અલગ કેટેગરીના પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાએ કચેરીઓને તેમની કામગીરી માટે અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આ રીતે ઉત્કૃષ્ટ કામગીરી કરવા પ્રોત્સાહન આપ્યું હતું. નાગરિકોને કેન્દ્રમાં રાખી વધુ સારી સેવાઓ અને માળખાકિય સુવિધાઓમાં ઉમેરો થાય તે મંત્ર સાથે કાર્યરત રાજ્ય



સરકાર દ્વારા વિવિધ પ્રકલ્પોની શરુઆત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વીડિયોના માધ્યમથી રાજ્યભરના જિલ્લાઓ પણ જોડાયા હતા. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૬૦૦થી વધુ વિવિધ સરકારી યોજનાઓની વિગતો આપતા મારી યોજના પોર્ટલનો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્ય સરકારના લોકાભિમુખ અને પારદર્શી વહીવટલક્ષી અભિગમને સાકાર કરતા અનેક વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. સુશાસન પરની ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

# સા.કુંડલાના વીજપડી એસ.ઓ. માં નિવૃત્ત કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલા તાલુકાના વીજપડી એસ.ઓ. ખાતે ખડસલીમાં એ.બી.પી.એમ તરીકે ફરજ બજાવતા રમેશભાઈ બોરીસાગર વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં વીજપડી એસ.ઓ. પરિવાર દ્વારા વિદાય સમારોહનું આયોજન કરાયું હતું.

આ અવસરે વીજપડી એચ.પી.એમ. મહેતા અને એચ.ઓ.બી.ઓ.ના તમામ સ્ટાફે



ઉપસ્થિત રહીને રમેશભાઈને ચાંદીની મૂર્તિ, સાકરનો પડો, શ્રીફળ અર્પણ કરીને શાલ ઓઢાડી સન્માનિત કરેલ. આ તકે નિવૃત્ત અને કાર્યરત તમામ કર્મચારીઓએ સંસ્મરણો વાગોળીને રમેશભાઈનો નિવૃત્ત સમય આરોગ્યપ્રદ અને આનંદમય રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# સાવરકુંડલાના થોરડી ગામે પરિણીતાને ઝેરી દવા પાઈ મારી નાખવાની ધમકી

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલાના થોરડી ગામે એક પરિણીતાને ઝેરી દવા પાઈને મારી નાખવાની ધમકી આપીને ગાળો બોલવામાં આવી હતી.

બનાવ અંગે કંચનબેન અતુલભાઈ પરમાર (ઉ.વ.૩૧)એ તેમના જ ગામના શૈલેષભાઈ નનુભાઈ બરવાળીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેના દિયર હરેશભાઈએ અગાઉ આરોપી વિરૂધ્ધમાં એટ્રોસિટીની ફરિયાદ કરી હતી. જે ગુનામાં સમાધાન કરી નાખવા માટે આરોપીએ તેમની સાડી ખેંચી, છેડતી કરી, ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી ઝેરી દવા પાઈને મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધોળકિયા ફાઉન્ડેશનને જળ સંરક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય સન્માન

લીલીયા, તા.૨૫

ધોળકિયા ફાઉન્ડેશનની જળ સંરક્ષણની પ્રવૃત્તિઓએ સમગ્ર દેશમાં નામના મેળવી છે. તાજેતરમાં, ફાઉન્ડેશનની આ પ્રવૃત્તિઓને બિરદાવવા માટે ભારતના જળ સંરક્ષણ ક્ષેત્રના બે પ્રતિષ્ઠિત પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા છેઃ જલ પ્રહરી એવોર્ડ અને વોટર મેનેજમેન્ટ ફોરમ એવોર્ડ. આ પુરસ્કારો પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના ફાઉન્ડેશનને એનાયત કરવામાં



આવ્યા છે. નીતિ આયોગ, જલ શક્તિ મંત્રાલય અને જલ જીવન મિશનના સહયોગથી રેઈલ ટેઈલ દ્વારા આપવામાં આવતો જલ પ્રહરી એવોર્ડ સવજીભાઈ ધોળકિયાને એનાયત કરવામાં આવ્યો હતો. ધોળકિયા ફાઉન્ડેશનના બ્રિજેશ ધોળકિયાએ રાજ્યકક્ષાના જલશક્તિ મંત્રી રાજભૂષણ ચૌધરીના હસ્તે આ એવોર્ડ સ્વીકાર્યો હતો. દુધાળા અને લાઠી સહિત સમગ્ર રાજ્યમાં ફાઉન્ડેશનની જળ સંરક્ષણ પ્રવૃત્તિઓની નોંધ લેવામાં આવી છે. આ ઉપરાંત, તાજેતરમાં કલકત્તા ખાતે યોજાયેલી ઈન્ડિયન એન્જિનિયરિંગ કોંગ્રેસમાં ધોળકિયા ફાઉન્ડેશનને વોટર મેનેજમેન્ટ ફોરમ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. ફાઉન્ડેશનના પ્રોજેક્ટ હેડ કનક પટેલે ભારતનો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સ્વીકાર્યો હતો.

# અમરેલીમાં સગાભાઈએ ભાઈને લાકડીથી ફટકાર્યો

અમરેલી, તા.૨૫

અમરેલીમાં રહેતા જાનીભાઈ દેવાભાઈ રાઠોડ (ઉ.વ.૪૦)એ બચુ દેવાભાઈ રાઠોડ તથા ભુટો દેવાભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ સરકારી ક્વાર્ટરમાં રહે છે. જેથી તેમના નાના, મોટા ભાઈ આ સરકારી ક્વાર્ટરમાં પોતાનો ભાગ માંગતા હતા અને ક્વાર્ટરમાં રહેવા માંગતા હતા. તેમણે તેમના ભાઈને સરકારી ક્વાર્ટરમાં ભાગ આપવાની તથા રહેવા દેવાની ના પાડતા આરોપીએ લાકડી વતી માર મારી ઢીકાપાટુનો મુંઢમાર મારી ગાળો આપી હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીની આર.કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજનું ઉત્કૃષ્ટ પરિણામ

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રીમતી આર.કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બીકોમ (ઈએમ) સેમ.- ૨ની પરીક્ષામાં ખૂબ જ ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું છે. જેમાં પ્રથમ સ્થાન ભાકોડીયા ક્રિનલ આર. - ૮૯.૦૯%, દ્વિતીય પરમાર નેહાલી બી. - ૮૮.૫૫%, તૃતીય રામાણી અમી પી. - ૮૮.૩૬% પ્રાપ્ત કર્યું છે. શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ, અમરેલી ખાતે આવેલી આ કોલેજનું પરિણામ ૯૬% રહ્યું છે, જેમાંથી ૯૫% વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે. આ સિદ્ધિ બદલ કોલેજ પરિવારે સ્ટાફ, વિદ્યાર્થીઓ અને રેન્કર્સને અભિનંદન પાઠવ્યા છે.



# સુરતમાં પરિણીતાને પતિએ મુંઢ ઈજા પહોંચાડી જાનથી મારવાની ધમકી આપી

**પરિણીતાએ ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૨૫

ધારીના વિરપુરમાં રહેતી એક પરિણીતાને સુરતમાં રહેતા સાસરિયાએ મારકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ચેતનાબેન નિકુલભાઈ ચોડવડીયા (ઉ.વ.૩૪)એ હાલ સુરતમાં રહેતા મૂળ ધારીના વિરપુર ખાતે રહેતા પતિ નિકુલભાઈ રમેશભાઈ ચોડવડીયા, રમેશભાઈ ચોડવડીયા તથા જયાબેન રમેશભાઈ ચોડવડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ શારીરિક અને માનસિક દુઃખ ત્રાસ આપી, કામકાજ બાબતે મેણાટોણા મારી ગાળો આપી મારકૂટ કરી હતી. તેમજ શરીરે મુંઢ ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ કરિયાવરની પણ માંગણી કરી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ. એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદના લોર ગામે રસ્તે ચાલવા મુદ્દે મુંઢમાર માર્યો

જાફરાબાદ, તા.૨૫

જાફરાબાદના લોર ગામે રસ્તે ચાલવાના મનદુઃખમાં યુવકને મુંઢમાર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે ભાયાભાઈ રામભાઈ બારૈયા (ઉ.વ.૩૫)એ અશોકભાઈ તખુભાઈ વરૂ તથા હરેશભાઈ તખુભાઈ વરૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને તેમના ગામના ગોવિંદભાઈ નારણભાઈ હડીયા સાથે રસ્તે ચાલવા બાબતે મનદુઃખ હતું. જેથી તેમની સાથે ઝઘડો કરી ગાળો આપી પગથી બે-ત્રણ પાટુથી મારી પાડી દઈ મુંઢ ઈજા કરી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ અગિયારસ
તા. ૨૬-૧૨-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૧૨,
સૂર્યાસ્ત-૦૫:૩૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ સ્વાતિ

## દૈનિક રાશિફળ

**તા. ૨૬-૧૨-૨૦૨૪ ગુરૂવાર**

મેષઃ આજનો દિવસ સારો છે. વેપારમાં જોખમ લેવાનું પરિણામ આજે લાભદાયી રહેશે. સમસ્યાઓ ધીરજ અને તમારા નરમ વર્તનથી સુધારી શકાય છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે સારો છે. કાર્ય-વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. કેટલાક નવા પ્રોજેક્ટ પણ શરૂ થઈ શકે છે.

મિથુનઃ આજનો દિવસ ગ્રહોના વિશેષ સંયોગને કારણે શુભ રહેશે. સાંજ સુધીમાં બહુ રાહ જોવાતી ડીલ થઈ શકે છે. કોઈપણ નિર્ણય લેતા પહેલા કાળજીપૂર્વક વિચાર કરો.

કર્કઃ આજનો દિવસ ખૂબ જ રચનાત્મક છે, આજે તમે જે પણ કામ ઉત્સાહથી કરો છો તે જ સમયે તેનું ફળ મળી શકે છે. અધૂરું કામ પૂર્ણ થશે.

સિંહઃ આ દિવસે દરેક કામ સાવધાનીથી કરવું જોઈએ. તમારા વર્તનમાં ધીરજ રાખો અને મોટા અવાજમાં બોલશો નહીં.

કન્યાઃ આજનો દિવસ અન્ય દિવસોથી થોડો અલગ છે. આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર રહેશે. તમે ધાર્મિક યાત્રા પર જવાનું વિચારી શકો છો.

તુલાઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે, પરંતુ ધર્મની બાબતમાં આજે તમે થોડો સમય કાઢશો. જો તમે આ દિવસે આવા કેટલાક કામ કરી શકો છો.

વૃશ્ચિકઃ આજનો દિવસ ખૂબ જ રચનાત્મક છે. તમારો દિવસ કેટલાક સર્જનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં પસાર થશે.

ધનઃ સંપત્તિ અને સમૃદ્ધિની દ્રષ્ટિએ આજનો દિવસ શુભ છે. આજે તમને આખો દિવસ લાભની તકો મળશે. પરિવારમાં દરેક વ્યક્તિ સાથે રહેશે.

મકરઃ આજનો દિવસ તમારી રાશિના લોકો માટે સાવધાની અને સતર્કતાનો દિવસ છે. પૈસાની બાબતમાં આજે કોઈ પણ પ્રકારનું જોખમ ટાળો.

કુંભઃ આજનો દિવસ દરેક બાબતમાં સાવચેત રહેવાનો દિવસ છે. ભલે તે સ્વાસ્થ્ય હોય કે પૈસા, તમારે બધામાં સમજદાર નિર્ણય લેવાની જરૂર છે.

મીનઃ આજનો દિવસ સામાન્ય છે. ભાગીદારીમાં કરવામાં આવતા વેપારમાં લાભ થશે અને આજે જીવનસાથી સાથે તમારી ખુશી વધશે.

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમીલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com

નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
મહાદેવ મોટર્સ
MARUTI SUZUKI | TATA | Mahindra | HYUNDAI | TOYOTA
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી

**તંત્રી લેખ**

# રાષ્ટ્રના હિતમાં યુદ્ધ કરવું વ્યાજબી નથી

આજે ઈલેક્ટ્રોનિક તથા પ્રિન્ટ મીડિયાથી માંડીને તમામ સોશિયલ સાઈટ ઉપર સતત પ્રચાર થઈ રહ્યો છે કે બાંગ્લાદેશમાં હિન્દુ પર જે અત્યાચાર થઈ રહ્યો છે તેને જડબાતોડ જવાબ આપીને બાંગ્લાદેશને ખેદાનમેદાન કરી નાખવું જોઈએ. આ આક્રોશ વ્યાજબી છે પરંતુ આજની તારીખે યુદ્ધ કરવું એ આપણા દેશ માટે વ્યાજબી નથી.

પાકિસ્તાન, બાંગ્લાદેશ, ચીન જેવા દુશ્મનોને યુદ્ધ દ્વારા નહીં પરંતુ અન્ય વ્યૂહરચનાથી સમાપ્ત કરી દેવામાં આપણા વડાપ્રધાન સક્ષમ છે. વિશ્વના મોટાભાગના દેશોનું સમર્થન ભારતને મળી રહ્યું છે, ભારતને સન્માન મળી રહ્યું છે ત્યારે દુશ્મન દેશો એકલા પડી જાય અને તેના પર દબાણ વધે તેવી માઈન્ડ ગેમ કરવામાં આવી રહી છે. જેને કહેવાતા બુદ્ધિજીવીઓ સમજી શકે નહીં તે હકીકત છે.

ભારત જેવા વિકસતા દેશ માટે યુદ્ધ કરવું પોસાય તેમ નથી. યુદ્ધ કરવામાં આવે તો આપણો આર્થિક વિકાસ અટકી જાય, પ્રજાલક્ષી કાર્ય અટકી જાય અને સમગ્ર ફોકસ માત્ર યુદ્ધ પર કેન્દ્રિત થાય. આથી વર્તમાન સંજોગોમાં યુદ્ધ કરવું વ્યાજબી નથી. આ ઉપરાંત દુશ્મનના હુમલાને કારણે ભારતની પ્રજાનું ટેન્શન વધી જાય. હાલ ભારતમાં જે ડેવલપમેન્ટ થઈ રહ્યું છે તે ઠપ થઈ જાય અને પ્રજાનું લક્ષ્ય યુદ્ધ જીતવા પર કેન્દ્રિત થઈ જાય આના કારણે ઔદ્યોગિક અને વ્યાપારના અલગ-અલગ સેક્ટરનો વિકાસ ઠપ થઈ જાય. મોટા શહેરોની પ્રજા દુશ્મનોના મિસાઈલ એટેકને કારણે ભયગ્રસ્ત બની જાય.

આજે આપણે જોઈએ છીએ કે યુદ્ધ કરી કરીને રશિયા પણ થાકી ગયુ છે. તેના આર્થિક વિકાસને ગંભીર અસર પહોંચી છે. આવી જ દશા ઈઝરાઈલની થઈ છે અને યુક્રેન યુદ્ધને બે વર્ષ વીતિ ગયા છે. યુદ્ધ ત્રીજા વર્ષમાં પ્રવેશ્યું છે પણ બેમાંથી એકપણ દેશ યુદ્ધ બંધ કરવા કે હાર માનવા તૈયાર નથી. યુક્રેન ટચૂકડો દેશ છે એટલે રશિયાનાં રાષ્ટ્રપતિ પુતિનને એમ કે તેને ચપટીમાં ચોળી નાંખીશું પણ યુક્રેન અને તેની પ્રજાએ રશિયા અને પુતિનને યુદ્ધમાં બરોબરની ટક્કર આપીને રશિયાની આંખે અંધારા લાવી દીધા છે. ભારત અને નોર્થ કોરિયા સહિતનાં અનેક દેશોનાં ભાડૂતી સૈનિકોની મદદથી તે યુક્રેન સામે લડીને તેની તંગડી ઊંચી રાખી રહ્યું છે. રશિયાનો રૂબલનો ભંડાર ખૂટી જવા આવ્યો છે. સરકારની તિજોરી તળિયાઝાટક થઈ ગઈ છે. પ્રજા કારમી મોંઘવારીમાં પિસાઈ રહી છે આમ છતાં પુતિન સત્તા ટકાવી રાખવા લોકોનાં અરમાનો અને ભવિષ્ય સાથે ખેલ ખેલી રહ્યા છે. ઝેલેન્સ્કી હવે ભારત અને મોદી તરફ આશાભરી મીટ માંડી રહ્યા છે. યુદ્ધમાં રશિયા અને યુક્રેન બંનેની કમર ભાંગી ગઈ છે પણ હજી અકડાઈ છોડવી નથી. જ્યાં સુધી અકડાઈ નહીં છૂટે ત્યાં સુધી વાત આગળ વધવાની નથી. રશિયા હવે પૂરા જોશ સાથે યુક્રેન પર હુમલા કરી રહ્યું છે. અમેરિકાની ચૂંટણીમાં જો ટ્રમ્પ જીતે તો યુક્રેનને કરવામાં આવતી સહાયમાં ઘટાડો થઈ શકે છે. આથી ઝેલેન્સ્કી વહેલામાં વહેલી તકે શસ્ત્ર વિરામની કાકલૂદી કરી રહ્યા છે. ભારત અને મોદી અત્યારે તો થોભ્ભો અને રાહ જુઓની પોઝિશનમાં છે. ભારત માટે તો તેલ જુઓ તેલની ધાર જુઓમાં જ શાણપણ છે.

# સિનેજગતના નક્ષત્ર સમાન શ્યામ બેનેગલ



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ભારતીય સિનેમાના તેજસ્વી સર્જક શ્યામ બેનેગલ ભલે આપણી વચ્ચે હવે ન હોય પરંતુ તેમના સર્જનરૂપી ફિલ્મો કાયમ માટે જગત સામે રહેવાની જ છે. તેમણે "ડિસ્કવરી ઓફ ઈન્ડિયા"જેવા અમૂલ્ય ગ્રંથની સિરિયલ રૂપે પ્રસ્તુતિ કરી પડકારરૂપ કામ પાર પાડ્યું હતું.

પંડિત જવાહરલાલ નેહરૂ એક ઈતિહાસકાર તરીકે મહાન વ્યક્તિ ગણી શકાય. જોકે રાજકીય ક્ષેત્રે તેમણે કરેલી અક્ષમ્ય ભૂલોને કારણે પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા વિવાદો ઊભા થયા છે આમ છતાં તેઓ એક સારામાં સારા ઈતિહાસકાર અને લેખક હતા અને એમના એક મોટા ગ્રંથ 'ડિસ્કવરી ઑફ ઈન્ડિયા'ની એક અમૂલ્ય ભેટ આપી છે.

પંડિત જવાહરલાલ નેહરુના પુસ્તક 'ડિસ્કવરી ઑફ ઈન્ડિયા' પર આધારિત ટીવી સિરીઝ 'ભારત એક ખોજ' રજૂ કરનારા ફિલ્મ નિર્માતા શ્યામ બેનેગલ હવે નથી રહ્યા. 'ભારત એક ખોજ' તેમનો એક એવો પ્રોજેક્ટ છે જેના માટે તેમને હંમેશા યાદ કરવામાં આવશે. ચાલો આજે આ સિરીઝ બનાવનારા અદભુત સર્જક શ્યામ બેનેગલ વિશે જાણીએ. બોલીવુડના મોટા ફિલ્મ નિર્માતા શ્યામ બેનેગલનું ૯૦ વર્ષની વયે અવસાન થયું છે. શ્યામ બેનેગલનો ૯૦મો જન્મદિવસ ૧૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ હતો. આ દિવસે તેણે પોતાની ટીમ સાથે ઓફિસમાં કેક કાપી હતી. ૯૦ વર્ષની ઉંમરે પણ તે ફિલ્મ મેકિંગના જુસ્સાથી ભરપૂર હતા. વિગતો મુજબ તેઓ બે-ત્રણ ફિલ્મોમાં કામ કરી રહ્યા હતા. બેનેગલના પિતા મૂળ કર્ણાટકના એક વ્યાવસાયિક ફોટોગ્રાફર હતા. અને પરિણામે, બેનેગલ મોટાભાગે કોંકણી અને અંગ્રેજી બોલતા અને વિઝ્યુઅલ આર્ટ્સની પ્રશંસા સાથે મોટા થયા હતા. તેઓ ફિલ્મ નિર્માતા ગુરુદત્તના પિતરાઈ ભાઈ અને બંગાળી ફિલ્મ નિર્માતા સત્યજીત રેના પ્રારંભિક પ્રશંસક હતા. બેનેગલ ભારતના હૈદરાબાદ, આંધ્રપ્રદેશ (હવે તેલંગાણામાં) ની ઓસ્માનિયા યુનિવર્સિટીની એક ઘટક કોલેજ નિઝામ કોલેજમાંથી અર્થશાસ્ત્રની ડિગ્રી સાથે સ્નાતક થયા. જ્યાં તેમણે ફિલ્મ સોસાયટીની શરૂઆત કરી. તેણે પોતાના વ્યાવસાયિક જીવનની શરૂઆત બોમ્બે (હવે મુંબઈ )માં એક જાહેરાત એજન્સી માટે કામ કરીને કરી હતી. તેણે કોપીરાઈટર તરીકે શરૂઆત કરી અને ટૂંક સમયમાં ફિલ્મ નિર્માતા તરીકે આગળ વધ્યા. આ પદ પર તેણે ૯૦૦ થી વધુ કમર્શિયલ અને જાહેરાત ફિલ્મો અને ૧૧ કોર્પોરેટ ફિલ્મો તેમજ સંખ્યાબંધ ડોક્યુમેન્ટ્રી બનાવી. તેમણે બે વાર (૧૯૮૦-૮૩, ૧૯૮૯-૯૨) પુણેમાં ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (હવે ફિલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા)ના અધ્યક્ષ તરીકે સેવા આપી.


શ્યામ બેનેગલ ઘણા સમયથી બીમાર હતા, તેમ છતાં તેઓ અલગ-અલગ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હતા. બેનેગલનું ૯૦ વર્ષની ઉંમરે સાંજે ૬.૩૯ કલાકે નિધન થયું છે. તેમણે ગુજરાતીમાં પહેલી ડોક્યુમેન્ટ્રી ફિલ્મ 'ઘેર બેઠા ગંગા' બનાવી હતી. બેનેગલે ફિલ્મો થકી સમાજ સુધારકની કામગીરી કરી. બેનેગલની ફિલ્મ કારકિર્દીની વાત કરીએ તો, તેમની ફિલ્મ શૈલી એટલી અદ્‌ભુત હતી કે વિવેચકો પણ તેમની શૈલીના વખાણ કરતાં થાકતા નહોતા. તેમની સિને કૃતિઓ તેના રાજકીય અને સામાજિક વ્યંગ માટે પણ જાણીતી છે. એક વખત તેમણે કહેલું રાજકીય સિનેમા ત્યારે જ ટકી શકે છે જ્યારે સમાજમાં તેની ડિમાન્ડ હોય. હું નથી માનતો કે ફિલ્મો સમાજમાં પરિવર્તન લાવી શકે છે, પરંતુ ફિલ્મોમાં સામાજિક ચેતના જગાડવાની ક્ષમતા જરૂર હોય છે. બેનેગલે અંકુર, મંથન, નિશાંત, આરોહણ, સુસ્મન, હરીભરી, સમર જેવી ફિલ્મો બનાવીને સમાજની સુષુપ્ત ચેતનાને કુંભકર્ણ નિંદ્રામાંથી જગાડવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો. માત્ર ભારતમાં જ નહીં આંતરરાષ્ટ્રીય ફલક પર પણ તેમના કલા-કસબને ગંભીરતાથી લેવામાં આવે છે.

તેમની ફિલ્મોની સૌથી મોટી ગુણવત્તા એ હતી કે, તેઓ સામાન્ય લોકોના જીવન અને તેમના સંઘર્ષની સત્યતાને પ્રમાણિકતા સાથે રજૂ કરે છે.બેનેગલે ગુજરાતના આંદોલન પર આધારિત પણ ફિલ્મ બનાવી હતી. મંથન ફિલ્મ ગુજરાતના દૂધ સહકારીતા આંદોલન પર આધારિત હતી. આ ફિલ્મ બનાવવા માટે બેનેગલે ગુજરાતના દૂધ ઉત્પાદકો પાસેથી બબ્બે રૂપિયા ઉઘરાવીને ભંડોળ એકઠું કર્યુ હતું. તેમનું આ પગલું સામ્યવાદીઓએ વખોડ્યું, પરંતુ તેઓ ટસના મસ ન થયા. ફિલ્મ જોયા પછી શ્વેત ક્રાંતિના જનક વર્ગીસ કુરીયને તેમને આ ફિલ્મ યુએનમાં દેખાડવા સલાહ આપી તેવો સુભગ સહયોગ પણ રચાયો હતો.

'મંથન' ફિલ્મનું રાજકોટમાં ૪૫ દિવસ શૂટિંગ ચાલ્યું હતું. 'મંથન' ભારતની સર્વપ્રથમ ક્રાઉડ-ફન્ડેડ ફિલ્મ છે. પાંચ લાખ ખેડૂતોએ ફાળો કરીને ઊભા કરેલા ભંડોળમાંથી આ ફિલ્મ બનાવવામાં આવી હતી. આ ફિલ્મ ગુજરાતના ડેરી ઉદ્યોગ પર આધારિત છે. શ્યામ બેનેગલ મૂળ શબાનાને લઈને આ ફિલ્મ બનાવવાના હતા, પણ શબાના વ્યસ્ત સ્ટાર બની ચૂકયા હતા એટલે સ્મિતાને મુખ્ય નાયિકા તરીકે કાસ્ટ કરવામાં આવ્યાં. સ્મિતા અને અન્ય કલાકારોને ગુજરાતી લહેકો શીખવવા માટે ખાસ કોચ રાખવામાં આવ્યો હતો. રાજકોટ નજીક સાંગણવા ગામે ૪૫ દિવસ 'મંથન'નું શૂટિંગ ચાલ્યું હતું. તેમણે હંમેશા સમાજની પરિકલ્પના રજૂ કરી અંકુરથી માંડીને જુબૈદા સુધીના તેમના તમામ ચિત્રપટ બહેતર, સમાનતાવાદી અને પ્રગતિની સમાન તકો આપતાં સમાજની પરિકલ્પના પ્રસ્તુત કરે છે. તેઓ કિડની સંબંધિત સમસ્યાથી પીડિત હતા. લાંબા સમયથી બીમાર હોવા છતાં, તેઓ કામથી દૂર ન રહ્યા, તેમણે નવા પ્રોજેક્ટ્સ પર કામ કરવાનું ચાલુ રાખ્યું. નસીરુદ્દીન શાહ, શબાના આઝમી, સ્મિતા પાટીલ અને ગિરીશ કર્નાડ જેવા સ્ટાર્સને શ્યામ બેનેગલની ફિલ્મોથી ઓળખ મળી. શ્યામ બેનેગલે પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત 'અંકુર' થી કરી હતી. આ ફિલ્મમાં અનંત નાગ અને શબાના આઝમી લીડ રોલમાં હતા. લોકોને આ ફિલ્મ ઘણી પસંદ આવી. આ પછી 'નિશાંત' રિલીઝ થઈ અને તેના ડિરેકશને તરત જ શ્યામ બેનેગલની કારકિર્દીનો ગ્રાફ ઊંચો કર્યો. આ ફિલ્મ ૧૯૭૫ ની સૌથી લોકપ્રિય અને વિવેચકો દ્વારા વખાણાયેલી ફિલ્મ હતી. આ ફિલ્મે ૧૯૭૬ ના કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પામ ડી' ઓર માટે નામાંકન પણ મેળવ્યું હતું. ગિરીશ કર્નાડ, શબાના આઝમી, અનંત નાગ, અમરીશ પુરી, સ્મિતા પાટિલ અને નસીરુદ્દીન શાહ જેવા દિગ્ગજ કલાકારોએ આ ફિલ્મમાં વશીકરણ ઉમેર્યું હતું. શ્યામ બેનેગલની શ્રેષ્ઠ ફિલ્મોમાં 'મંથન', 'ભૂમિકા', 'માર્કેટ પ્લેસ', 'જુનૂન', 'ઝુબૈદા', 'ધ મેકિંગ ઓફ મહાત્મા' અને 'સરદારી બેગમ'નો સમાવેશ થાય છે.

બેનેગલની ફિલ્મની સ્ત્રી અબળા નથી, તે શોષણ અને દમન સામે નિરંતર સંઘર્ષ કરતી રહે છે. તેઓ કહેતા હતા કે, મા-બહેન-દીકરી-પત્ની તરીકે સ્ત્રીનું મહિમામંડન કરવામાં આવે છે તે અસલમાં તેમના શોષણ માટેનું હથિયાર છે. તેઓ હંમેશા સ્ત્રીની સ્ત્રી તરીકેની ઓળખની વકીલાત કરતા હતા. તેમની ફિલ્મમાં નારીપાત્ર કેન્દ્ર સ્થાને હતું. શ્યામ બેનેગલે ૧૮ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો, એક ફિલ્મ ફેર પુરસ્કાર અને નંદી પુરસ્કાર સહિત અનેક એવોર્ડ પ્રાપ્ત કર્યા હતા. ૨૦૦૫ માં શ્યામ બેનેગલને સિનેમા ક્ષેત્રનો ભારતનો સર્વોચ્ચ એવોર્ડ દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## શબ્દ સંજોગ-૧૯૨૪



**આડી ચાવી :**
(૧) અક્ષત ઉતારવા તે, દાણા વાવવા તે (૨)
(૨) એક રાશિ (૩)
(૪) એક નદી (૨)
(૬) આસ્થા, વિશ્વાસ (૨)
(૭) સાઈકલ મારી ... જાય (૪)
(૮) તદ્દન (૨)
(૯) પ્રતિકૂળ, સુંદર (૨)
(૧૦) કસોટી ઉપરથી કરેલો સોના રૂપાના ભાવનો આંક (૨)
(૧૧) છીણીને કરેલો છુંદો (૩)
(૧૨) કસોટી કરવી(૩)
(૧૪) મોંઢાનું ચીકણું પ્રવાહી (૨)
(૧૫) તીર મારવામાં કુશળ (૪)
(૧૮) એક સુંગધીદાર વનસ્પતિ (૩)
(૨૦) મર્યાદા (૨)
(૨૨) દક્ષિણ ભારતની એક વાનગી (૩)
(૨૪) એક હથિયાર (૩)
(૨૭) શું ? દર્શાવતો એક ઉદ્‌ગાર (૧)
(૨૮) પજવવું (૪)

**ઉભી ચાવી :**
(૧) અથાવું, ખમીર ચડવુ તે (૨)
(૨) ઘરડી સ્ત્રી (૨)
(૩) .... પૈદા કરનેવાલે કી (૩)
(૪) ધાતુનો તાર ખેંચનારો (૪)
(૫) જમવા માટે ભાણામાં મૂકવું (૪)
(૬) સાંભળવું તે (૩)
(૮) ...દામ-દંડને ભેદ (૨)
(૯) ચર્ચા, શાસ્ત્રાર્થ (૨)
(૧૧) સધ્ધર, પૈસાદાર (૫)
(૧૨) અટકળ, સમજ (૨)
(૧૩) ઉચાપત કરેલું (૩)
(૧૪) લાકડાનું પીઠું (૨)
(૧૬) એક ફળ (૩)
(૧૭) પરવા (૨)
(૧૯) ભપકો (૨)
(૨૧) હાથમાં લેવું, પકડવું (૩)
(૨૩) ઠીક, સરખું (૨)
(૨૫) પ્રવાહી, સાર (૨)
(૨૬) દશરથ રાજાની પુત્રવધૂ (૨)

## શબ્દ સંજોગ-૧૯૨૩ જવાબ

**આડી ચાવી :** (૧) ઉત્તરાંચલ (૫) કવન (૭) ચીલઝડપ (૮) યશ (૧૦) રાવણ (૧૧) બજર (૧૩) મરી (૧૪) મેજર (૧૭) કોટ (૧૮) અશરફી (૧૯) ટનલ (૨૧) પારસ (૨૩) વગર (૨૫) ક્ષેત્ર (૨૬) નલ (૨૭) વિરામ (૨૮) માસા. **ઉભી ચાવી :** (૧) ઉદય (૨) રાંચી (૩) ચલ (૪) લઝક (ઝલક) (૫) કપરાડા (૬) નવાણ (૯) શબરી (૧૨) રમેશ (૧૩) મર્કટ (૧૫) જરખ (૧૬) રફી (૧૭) કોતર (૧૮) અલગ (૨૦) નવલ (૨૧) પાત્ર (૨૨) સમોસા (૨૪) રવિ (૨૫) ક્ષેમ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૮૫ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૬૦૧ | ૬૬૮ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૮૫૮ |
| જુવાર પીળી | ૩૬૦ | ૪૭૫ |
| તુવેર | ૧૨૨૦ | ૧૭૪૦ |
| ચણા પીળા | ૯૬૮ | ૧૩૩૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૪૦૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૮૦ |
| મગ | ૧૧૨૫ | ૧૮૫૪ |
| વાલ પાપડી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળી | ૧૫૧૨ | ૨૪૫૦ |
| મઠ | ૭૦૦ | ૧૨૨૭ |
| કળથી | ૮૯૦ | ૧૦૮૦ |
| મગફળી જાડી | ૮૮૫ | ૧૧૮૦ |
| મગફળી જીણી | ૯૦૧ | ૧૨૪૫ |
| તલી | ૨૧૩૭ | ૨૫૯૧ |
| સુરજમુખી | ૫૪૫ | ૫૪૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૧૭ |
| અજમો | ૧૩૯૯ | ૨૩૨૬ |
| સુવા | ૧૧૯૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૫૦ |
| કાળા તલ | ૩૬૫૦ | ૫૧૨૫ |
| લસણ | ૨૦૦૦ | ૪૦૫૦ |
| ધાણા | ૧૨૯૦ | ૧૫૮૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૩૨૫૦ |
| ધાણી | ૧૩૩૦ | ૧૬૪૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૪૦૭૫ | ૪૫૫૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૪૦ |
| મેથી | ૯૪૦ | ૧૨૭૦ |
| ઇસબગુલ | ૧૯૮૦ | ૧૯૮૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૬૫૦ |
| રાયડો | ૧૦૭૦ | ૧૧૨૦ |
| રજકાનું બી | ૨૯૦૦ | ૪૭૦૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૧૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૪૦ | ૭૪૦ |

| | | |
|---|---|---|
| બટેટા | ૩૫૦ | ૬૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૮૦ |
| ટમેટા | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૫૦ | ૨૫૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૮૦ | ૧૬૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૬૦ | ૧૬૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૪૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૮૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેરસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૬૦ | ૩૬૦ |
| મેથી | ૧૫૦ | ૨૫૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૨૨૦ | ૬૬૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૯૦ | ૧૪૬૬ |
| શિંગ મઠડી | ૮૧૮ | ૧૦૯૬ |
| ગિરનારી શીંગ | ૮૮૦ | ૧૩૦૦ |
| શિંગ મોટી | ૮૧૫ | ૧૨૧૬ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૧૫૬ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૪૬૦ | ૨૭૨૭ |
| તલ કાળા | ૩૫૦૦ | ૫૧૩૦ |
| તલ કાશ્મીરી | ૩૨૨૫ | ૩૨૨૫ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૭ |
| ઘઉં લોકવન | ૫૪૬ | ૬૫૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૯૦૧ | ૧૩૨૨ |
| તુવેર | ૯૧૫ | ૧૫૨૧ |
| એરંડા | ૧૦૯૬ | ૧૨૦૭ |
| જીરૂ | ૪૦૯૦ | ૪૪૩૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૪૦ |
| સોયાબીન | ૬૫૫ | ૮૩૨ |
| મરચાલાંબા | ૫૫૦ | ૨૬૨૦ |
| મગ | ૭૬૦ | ૧૭૮૧ |
| રજકાનું બી | ૪૭૭૫ | ૪૯૫૦ |
| સૂર્યમુખી | ૬૦૦ | ૬૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૦૦ | ૫૨૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૨૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૨૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૪૦ |
| ટામેટા | ૪૨૦ | ૫૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૧૦૦ | ૩૬૦ |
| કારેલા | ૫૮૦ | ૮૨૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૪૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૪૨૦ | ૬૪૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૮૪૦ | ૧૨૪૦ |
| આમળા | ૫૦૦ | ૭૫૦ |
| ભીંડો | ૫૨૦ | ૮૦૦ |
| તુવેર | ૬૪૦ | ૮૦૦ |
| હળદરલીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૮૦ | ૪૨૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૫૮૦ | ૭૮૦ |

| | | |
|---|---|---|
| ટીંડોરા | ૪૦૦ | ૬૨૦ |
| બીટ | ૪૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૪૦ | ૧૪૦૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૫૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૬૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૨૬૦૦ | ૩૨૪૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૮૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૫૦ |
| પાલક | ૩૨૦ | ૪૫૦ |
| **ગોંડલ** | | |
| ગોગળી | ૮૩૧ | ૮૩૫ |
| કપાસ બી.ટી. | ૧૨૯૬ | ૧૪૬૮ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૩૪ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૭૫૪ |
| મગફળી જીણી | ૭૨૧ | ૧૧૧૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૨૪૧ |
| એરંડા / એરંડી | ૧૦૬૧ | ૧૨૦૧ |
| તલ કાળા | ૩૫૦૦ | ૫૧૨૬ |
| જીરૂ | ૩૪૫૧ | ૪૫૪૧ |
| ધાણા | ૮૦૧ | ૧૬૧૧ |
| લસણ સુકું | ૧૫૦૧ | ૪૧૫૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૬૪૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૭૭૧ |
| રાયડો | ૯૫૧ | ૧૦૧૧ |
| મેથી | ૯૨૧ | ૧૧૦૧ |
| કાંગ | ૯૩૧ | ૧૧૧૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૨૩૬ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૨૫૫૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૬૨૧ |
| ઇસબગુલ | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ધાણી | ૯૦૧ | ૧૭૨૧ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૩૮૬ |
| બાજરો | ૫૦૧ | ૫૪૧ |
| જુવાર | ૪૭૧ | ૭૪૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૧૨૫૧ | ૧૭૭૧ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૧૦૦ | ૧૩૦૧ |
| વાલ | ૩૮૧ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૮૫૧ | ૨૫૦૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૨૧ |
| અજમાં | ૨૫૦૧ | ૨૫૦૧ |
| ગોગળી | ૬૦૦ | ૮૭૧ |
| વટાણા | ૧૫૦૧ | ૧૫૦૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૯૫ |
| કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૮૦ |
| મગફળીજીર૦ | ૧૦૭૫ | ૧૧૬૫ |
| મગફળી બીટી | ૯૩૯ | ૧૦૭૧ |
| અડદ | ૧૧૧૬ | ૧૨૮૪ |
| ઘઉં | ૫૦૪ | ૬૨૬ |
| તલસફેદ | ૧૯૪૦ | ૨૨૬૦ |
| જીરૂ | ૩૯૪૦ | ૪૩૫૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૨૪૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૪૩૦ |
| મગફળી | ૮૭૦ | ૧૧૨૨ |
| ઘઉં | ૫૧૫ | ૫૬૦ |
| ચણા | ૧૧૮૧ | ૧૨૦૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૯૦ |
| ધાણા | ૧૦૩૦ | ૧૧૩૦ |
| તલ કાળા | ૩૭૨૫ | ૩૭૨૫ |
| સોયાબીન | ૬૦૫ | ૭૯૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૬૨ |
| મગફળી | ૮૬૫ | ૧૦૬૦ |
| એરંડા | ૧૧૧૦ | ૧૧૧૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૪૦૦ | ૫૨ |
| ઘઉં | ૫૪૦ | ૬૨૯ |
| મગ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| તુવેર | ૭૦૦ | ૮૦૦ |
| ચોળી | ૨૧૦૦ | ૨૭૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૫૬ |
| ચણા સફેદ | ૧૬૪૦ | ૨૪૪૦ |

| | | |
|---|---|---|
| મગફળી જીણી | ૯૦૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૮૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૮૪ |
| તલ | ૨૦૦૦ | ૨૪૬૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૮૮ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૮૦ |
| લસણ | ૨૦૦૦ | ૪૧૫૦ |
| જીરૂ | ૨૭૦૦ | ૪૪૪૦ |
| અજમો | ૧૫૦૦ | ૪૧૦૫ |
| ધાણા | ૬૦૦ | ૧૪૮૫ |
| ડુંગળી સુકી | ૧૦૦૦ | ૩૫૫ |
| સુવાદાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૫૦ | ૧૨૭૦ |
| શીંગ ૩૨ | ૯૨૦ | ૧૦૪૯ |
| શીંગ ૩૯ | ૧૦૩૦ | ૧૧૩૬ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૦ | ૧૧૭૦ |
| જુવાર | ૪૦૦ | ૮૭૨ |
| બાજરી | ૪૨૨ | ૬૫૧ |
| ઘઉં ટુકડા | ૫૩૧ | ૬૯૦ |
| અડદ | ૧૧૭૦ | ૧૩૭૮ |
| મગ | ૧૬૦૦ | ૨૪૫૧ |
| સોયાબીન | ૭૬૯ | ૭૯૧ |
| ચણા | ૧૨૪૩ | ૧૨૯૦ |
| તલ સફેદ | ૨૦૨૭ | ૨૪૫૭ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૧૯ |
| ડુંગળી સફેદ | ૨૪૨ | ૩૮૪ |
| કપાસ શંકર | ૮૦૦ | ૧૪૩૧ |
| નાળીયેર | ૫૬૦ | ૨૧૮૨ |
| બાજરો | ૯૩૧ | ૧૩૧૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૧ |
| ઘઉં | ૪૫૦ | ૬૫૬ |
| ચણા | ૮૦૧ | ૧૨૪૬ |
| અડદ | ૯૫૧ | ૧૫૭૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૭૬ |
| શીંગફાડા | ૯૦૦ | ૧૧૫૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૨૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## પંચદશાબ્દિ મહોત્સવ કથા પારાયણ નિમિત્તે

# અમરેલી સ્વામિનારાયણ મંદિર-પાણી દરવાજા દ્વારા શાકોત્સવ ઉજવાયો

**આચાર્ય રાકેશપ્રસાદદાસજી મહારાજે ઉપસ્થિત રહી સંતોને આશીર્વચન પાઠવ્યા**







અમરેલી, તા.૨૫

અમરેલીનાં આંગણે સ્વામિનારાયણ મંદિર(પાણી દરવાજા) દ્વારા પંચદશાબ્દિ મહોત્સવનું ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું છે. કથા પારાયણનાં દિવસે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. પંચદશાબ્દિ મહોત્સવમાં દિવ્ય શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. શાકોત્સવના પ્રસાદનો મોટી સંખ્યામાં હરિભકતોએ લાભ લીધો હતો. આ ધાર્મિક કાર્યક્રમમાં રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ભૂદેવ બાળકો માટે યજ્ઞોપવિત સંસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ મહિલામંચથી ભારતીય નારીશકિતનાં દર્શન થયા હતા. આચાર્ય રાકેશપ્રસાદદાસજી મહારાજે આ મહોત્સવમાં ઉપસ્થિત રહી સંતો અને હરિભકતોને આશીર્વચન પાઠવ્યાં હતા.

આ મહોત્સવમાં વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ પણ કથા પારાયણનો લાભ લઈ સંતોનાં આશીર્વાદ મેળવ્યા હતા. ઘનશ્યામ યુવક મંડળનાં બાળકોએ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

# કોડીનાર તાલુકાના માલગામ ખાતે નેશનલ હાઈવે ૧૨ ફૂટ ઊંચો બન્યો પણ ગામ લોકોને સુવિધા નહીં,..!!



કોડીનાર, તા.૨૫

કોડીનાર તાલુકાના માલગામ ગામે બનેલો નેશનલ હાઈવે ગામ તળથી ૧૨ ફૂટ ઊંચો બનાવવામાં આવ્યો છે. પરંતુ રોડ ઉપર જવા ગામ લોકોને સુવિધા આપવામાં આવી નથી. ડોળાસા નજીકના માલગામથી પસાર થતો ફોરટ્રેક હાઈવે મૂળ સપાટીથી ૧૨ ફૂટ ઊંચો બનાવાયો છે પણ ગામલોકોની સુવિધાનો કોઈ ખ્યાલ રાખવામાં આવ્યો જ નથી. જેથી લોકો રોડ ઉપર ચડવા-ઉતરવા જોખમી ઢાળ ઉપરથી આવન-જાવન કરે છે. ચોમાસામાં સ્થિતિ ગંભીર બને છે.

# અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસની કારોબારી બેઠક મળી



અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદીપભાઈ ધાનાણી દ્વારા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીની અધ્યક્ષતામાં અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસની વિસ્તૃત કારોબારીની બેઠક મળી હતી. આ કારોબારીની મિટિંગમાં અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના નવનિયુક્ત હોદ્દેદારોને તેમના નિમણૂક પત્રો આપી અને નવનિયુક્ત હોદ્દેદારોને સન્માનિત કરી અને સાથે સાથે તેમને યુવક કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત કરવા આહ્વાન કરવામાં આવ્યુ હતું. જેમાં આવનારા દિવસોમાં યુવક કોંગ્રેસે પોતાનું સંગઠન બુથ વાઈઝ તૈયાર કરવા આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભરૂચમાં બળાત્કારનો ભોગ બનેલી નિર્ભયાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને કસુરવારને કડકમાં કડક સજા થાય તેવી માગ કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત એન.એસ.યુ.આઈ.ના પૂર્વ પ્રમુખ આદિત્ય ગોહિલ, મુજજફર હુશૈન સૈયદ, શરદભાઈ ધાનાણી, કેતનભાઈ ખુમાણ, હસુભાઈ બગડા, અશ્વિનભાઈ ધામેલીયા, શાંતિભાઈ રાણવા, યુથ કોંગ્રેસ મહિલા વિંગના પ્રદેશ પ્રમુખ વૈશાલીબેન, નરેશભાઈ અધ્યારૂ, મીનાબેન સોન્ડાગર, રફિકભાઈ મોગલ, રવજીભાઈ મકવાણા, સરપંચ ભરતભાઈ હપાણી, રવિરાજભાઈ યુવરાજભાઈ વરૂ, જયરાજભાઈ ખુમાણ સહિતના યુવક કોંગ્રેસના કાર્યકરો, વિશાળ સંખ્યામાં યુવાનો જોડાયા હતા તેમજ યુવક કોંગ્રેસના મહિલા વિંગના અમરેલી જિલ્લાના કોંગ્રેસના પ્રમુખ તરીકે દક્ષાબેન ચૌહાણ વિશાળ સંખ્યામાં મહિલાઓ સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરાના બળેલ પીપરીયામાં ૫૦ વર્ષ જૂની પાણી નિકાલની સમસ્યાનું નિરાકરણ

બાબરા,તા.૨૫

બાબરા તાલુકાના બળેલ પીપરીયા ગામે દલિત અને અન્ય સમાજના વિસ્તારમાં છેલ્લા ૫૦ વર્ષથી ચાલી આવતી વરસાદી પાણીના નિકાલની ગંભીર સમસ્યાનું આખરે નિરાકરણ આવ્યું છે. આ વિસ્તારમાં વરસાદ દરમિયાન ઘરોમાં પાણી ભરાઈ જવાની સમસ્યાથી લોકો ત્રસ્ત હતા. જિલ્લાના દલિત સમાજના આગેવાન સોમાભાઈ બગડા અને પૂર્વ સરપંચ ભીખાભાઈ દાફડા દ્વારા આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે સરકારમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી રહી હતી. આખરે સરકાર દ્વારા આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યું છે અને હાલમાં આ વિસ્તારમાં પાણીની પાઈપલાઈન નાખવાનું કામ સરપંચ મનસુખભાઈ દુધાતની દેખરેખ હેઠળ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.

# સતાધારની જગ્યા પર પાયાવિહોણા આક્ષેપો સામે બાબરામાં તમામ સમાજ દ્વારા મામલતદારને આવેદન અપાયું

બાબરા,તા.૨૫



તસ્વીર : દિપક કનૈયા

સતાધારની જગ્યા અને પૂજ્ય મહંત વિજયબાપુ પર ખોટા તેમજ પાયાવિહોણા આક્ષેપો અંગે બાબરામાં સમસ્ત પ્રજાપતિ સમાજ સહિત દરેક સમાજના અગ્રણીઓ અને વિવિધ હિન્દુ સંગઠન દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અઢારે આલમ દ્વારા આવેદનપત્ર દ્વારા ઉગ્ર રોષ વ્યક્ત કરીને કસૂરવાર વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. આવેદનપત્ર આપવા માટે દરેડ રોડથી પગપાળા બે કિલોમીટર લાંબી રેલી યોજાઇ હતી. પૂજ્ય વિજયબાપુના ફોટા સાથે સતાધારની જય.. સનાતન ધર્મની જય..સાથે મોટી સંખ્યામાં લોકો મામલતદાર કચેરીમાં પહોંચ્યા હતા. સતાધારધામ અને આપાગીગાની જગ્યા તથા પરમ પૂજ્ય વિજયબાપુને બદનામ કરવાના કૃત્યમાં કેટલીક વ્યક્તિ સાથે મળીને પડદા પાછળ રહી ગુનાહિત કાવતરા કરીને ભૂંડી ભૂમિકા ભજવી રહ્યાં છે તેવા આક્ષેપો કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચકક્ષાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માગણી કરવામાં આવી હતી.

# આજે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા 'વીર બાળ દિવસ' નિમિત્તે બૌધ્ધિક પરિસંવાદનું આયોજન

અમરેલી, તા.૨૫

તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ સમગ્ર દેશમાં "વીર બાળ દિવસ" તરીકે ઉજવણી થઈ રહી છે. આ દિવસના અનુસંધાને અમરેલી જિલ્લા ભાજપ દ્વારા અમરેલી ઓક્સફર્ડ સાયન્સ સ્કૂલ ખાતે બપોરે ૩:૦૦ કલાકે એક "બૌધ્ધિક પરિસંવાદ"નું આયોજન કરેલ છે. કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ હાજર રહેશે. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાનાં વિવિધ સંસ્થાનાં પ્રતિનિધીઓ, વિવિધ એસોસિએશનનાં આગેવાનો, વિવિધ જ્ઞાતિ-સમાજના આગેવાનો, વેપારીઓ, ડોકટરો, વકીલો, શિક્ષકો, યુવાનો, વિદ્યાર્થીઓ તેમજ જિલ્લા ભાજપનાં હોદ્દેદારો, સાંસદ, ધારાસભ્યો, સ્થાનિક સ્વરાજના ચુંટાયેલ તમામ પ્રતિનિધીઓ તેમજ તમામ મંડળના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે તેમ જિલ્લા ભાજપ કાર્યાલયની યાદીમાં જણાવાયું છે.

# વીરપુરના પદયાત્રીઓનું વડીયામાં રાત્રી રોકાણ

વડીયા, તા.૨૫





દર વર્ષની જેમ આ વર્ષે ઉના-દિવ-ઘોઘલાથી વીરપુર(જલારામ) જતાં પદયાત્રીઓનું વડીયા મુકામે ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મિતુલભાઈ ગણાત્રાને ત્યા રાત્રી રોકાણ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૫ વર્ષથી વીરપુર જતા પદયાત્રીઓ મિતુલભાઈ ગણાત્રાને ત્યાં રાત્રી રોકાણ કરે છે. આ અંગે મિતુલભાઈ ગણાત્રાએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૫ વર્ષથી આ સેવાકીય કાર્ય મારા માતા-પિતા દ્વારા કરવામાં આવતું હતું. પદયાત્રીઓને દર વર્ષે મહાપ્રસાદ આપવામાં આવે છે. આ મહાપ્રસાદ કાર્યમાં લલિતભાઈ ગણાત્રા, મહેશભાઈ વાઘેલા, કરણભાઈ વાઘેલા, ભાવેશભાઈ રાઠોડ રસોઈ બનાવવાની સેવા આપે છે. પદયાત્રીઓને આરામ કરવા તેમજ ગરમ પાણીથી પગ ધોવડાવવા સુધીની સેવા કનુભાઈ કહોર, ભવ્ય સાદરાણી, હેત સાદરાણી, સોહમ લલ્લુવાડિયા, બાબુભાઈ સિંગાળા, પરસોતમભાઈ છોડવડિયા, કાળુભાઈ ઢોલરીયા, પરેશભાઈ ઠુમ્મર, બાલાભાઈ વસોયા, દેવકુભાઈ મોડા, ભગત રાદડીયા, વિપુલ બરછા, ભરત વડેરિયા, પી પીન્ટુ સોની, લાલો દયોરા, ભાણાભાઈ સગર સહિતનાં લોકો આ કાર્ય કરી રહ્યા છે. પદયાત્રીઓએ સેવા કરવા બદલ મિતુલભાઈ ગણાત્રા અને તેમના પત્ની શિતલબેનનો સહૃદય આભાર માન્યો હતો.

# કોડીનારમાં બે જૂથ વચ્ચે મારામારી બાદ સામસામી ફરિયાદ નોંધાઈ

કોડીનાર તા.૨૫

કોડીનાર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ભરતભાઈ અને તેમનો મિત્ર નરેશભાઈ ડાભી વાલ્મીકિ વાસમાં વાલ્મીકિ સમાજના સમાધાનમાંથી પરત ઘરે આવી રહ્યા હતા ત્યારે મહેશ કામળીયા, વીકી ભગા કામળીયા, વિજય ભીલ, અશ્વિન કામળીયા, ધવલ મેર અને દિનેશ વંશએ વાલ્મીકિ સમાજના સમાધાનમાં ગયા હોવાનું મનદુઃખ રાખી રસ્તામાં સામા મળી અશ્લિલ ગાળો ભાંડી છરી અને લાકડા વગેરે હથિયારોથી ભરતભાઈ ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી જ્યારે આ ઝઘડામાં સામા પક્ષે વિજય જીણાભાઈ ભીલે વાલ્મીકિ સમાજના સમાધાનનું મનદુઃખ રાખી ભરત બાંભણીયા, નરેશ ડાભી, જયેશ મેર, વિજય ભીલ અને ધવલ મેરને અશ્લિલ ગાળો આપી લાકડાના ધોકા વડે માર માર્યાની ફરિયાદ નોંધાવી છે.

# અમિત શાહ દ્વારા બાબાસાહેબના અપમાનના વિરોધમાં ધોરાજીમાં અનુસૂચિત જાતિ અને મુસ્લિમ સમાજે રેલી યોજી


**રાજુલાના મહે. તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

મુ.રાજુલા.
જન્મ અરજી નં. ૪૪૮/૨૦૨૪

અરજદાર :- બાંભણીયા પ્રભાબેન રસીકભાઈ
ઉ.વ.૪૬ . ધંધો. ઘરકામ .ધર્મે.હિન્દુ
રહે. વિકટર, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી
વ
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી.
મું.વિકટર, તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. કે, અમરેલી જીલ્લાના **રાજુલા તાલુકાના ચાંચ** ગામના વતની **શ્રી બાંભણીયા પ્રભાબેન રસીકભાઇ** અરજદારે તેમની **પુત્ર શ્રી બાંભણીયા પિયુષ રસીકભાઇ ની જન્મ તા.૦૩/૦૬/૧૯૯૫ છે.** જન્મ અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી વી.બી.ભીલ** મારફત અત્રેની કોર્ટમા ઉપરોક્ત નંબરથી અરજી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૨૪ માહે...ઓકટોબર..સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સહી,
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

સ્થળઃ- રાજુલા
તારીખઃ- ૨૪/૧૦/૨૦૨૪



**રાજુલાના મહે. તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

મુ.રાજુલા.
જન્મ અરજી નં. ૪૪૯/૨૦૨૪

અરજદાર :- ભીલ જંડુરભાઈ મોહનભાઈ
ઉ.વ.૬૮ . ધંધો. મજુરી .ધર્મે.હિન્દુ
રહે. વિકટર, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી
વ
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી.
મું.વિકટર, તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. કે, અમરેલી જીલ્લાના **રાજુલા તાલુકાના ચાંચ** ગામના વતની **શ્રી ભીલ જંડુરભાઇ મોહનભાઇ** અરજદારે તેમની **પુત્રી શ્રી ભીલ શીતલબેન જંડુરભાઇ ની જન્મ તા.૦૧/૦૬/૨૦૦ છે.** જન્મ અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી વી.બી.ભીલ** મારફત અત્રેની કોર્ટમા ઉપરોક્ત નંબરથી અરજી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૨૪ માહે...ઓકટોબર..સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સહી,
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

સ્થળઃ- રાજુલા
તારીખઃ- ૨૪/૧૦/૨૦૨૪


ધોરાજી, તા.૨૫



ધોરાજી શહેરમાં અમિત શાહના નિવેદનનો વિરોધ દર્શાવવા ધોરાજી બહારપુરા નસીબ ચોક ખાતેથી અનુસૂચિત જાતિના ભાઈઓ તેમજ મુસ્લિમ બિરાદરોની વિશાળ રેલી યોજાઇ હતી. શહેરના મુખ્ય માર્ગો પરથી ધોરાજી પ્રાંત અધિકારી કચેરી ખાતે પહોંચીને ડેપ્યુટી કલેકટરને વિરોધ દર્શાવતું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ તકે રાજ્યના પૂર્વ મંત્રી અને ધારાસભ્ય રહી ચૂકેલા ડોક્ટર દિનેશ પરમાર પણ રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. ધોરાજી ખાતે બહોળી સંખ્યામાં એકત્રિત થયેલ અનુસૂચિત જાતિના ભાઈઓ બહેનો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યા બાદ ધોરાજી પોલીસ મથકે જઈ અમિત શાહ વિરુદ્ધ ભારતીય સંવિધાન મુજબ ગુનો નોંધવા રજૂઆત કરવામાં આવી હતી.

**બહોળી સંખ્યામાં એકત્રિત થયેલ અનુસૂચિત જાતિના લોકોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું**

# સાવરકુંડલામાં આયુર્વેદિક અડદિયાનું વિતરણ

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલાના ભગવાન પરશુરામ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા સાત વર્ષથી નગરજનો માટે ઔષધીય ગુણોથી ભરપૂર અડદિયાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ અડદિયા આયુર્વેદિક પદ્ધતિથી બનાવવામાં આવે છે. આયુર્વેદમાં દેશી ગાયનું ઘી અને દેશી ગોળને અમૃત સમાન ગણવામાં આવે છે. જેનો મોટી સંખ્યામાં શહેરીજનોએ લાભ લીધો હતો.

# પીએમ મોદી સહિત અનેક નેતાઓએ અટલ બિહારી વાજપેયીને પુષ્પાંજલિ અર્પણ કરી

નવીદિલ્હી,તા.૨૫



વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક નેતાઓએ બુધવારે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની ૧૦૦મી જન્મજયંતિ પર પુષ્પાંજલિ આપી હતી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, ×વિકસિત ભારત માટેના સંકલ્પમાં શક્તિ આપવાનું ચાલુ રાખીશું.× કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે એક્સ પર પોસ્ટ કરી કહ્યું, ×હું ભૂતપૂર્વ વડાપ્રધાન ભાજપના સંસ્થાપક, આદરણીય અટલ બિહારી વાજપેયીજીને તેમની જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરું છું. અટલજી તેમની વિચારધારા અને સમર્પણ સાથે દેશમાં વિકાસ અને સુશાસન લાવ્યા છે. નવા યુગની શરૂઆત કરનાર વાજપેયીજીએ હંમેશા દેશની સુરક્ષા અને જન કલ્યાણને સર્વોપરી રાખ્યું અને પોતાની શુદ્ધતા અને આત્મસંયમથી ભાજપને લોકપ્રિય બનાવ્યું. અટલજી ધ્રુવ સ્ટારની જેમ દેશવાસીઓને રાષ્ટ્રસેવાના માર્ગ પર અનંતકાળ સુધી માર્ગદર્શન આપતા રહેશે.× રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું, ×ભારતના પૂર્વ વડાપ્રધાન અને આપણા બધા માટે પ્રેરણાના સ્રોત આદરણીય અટલજીની ૧૦૦મી જન્મજયંતિના અવસરે હું તેમને યાદ કરું છું અને પુષ્પાંજલિ અર્પણ કરું છું. અટલજી દેશના આધારસ્તંભ રહ્યા છે.

# ઉત્તર ભારતમાં હાડ થીજાવતી ઠંડીએ અનેક પ્રવાસીઓને ધ્રુજાવ્યા

નવીદિલ્હી,તા.૨૫



દેશના વિવિધ રાજ્યોમાં ભારે ઠંડીનો પ્રકોપ ચાલુ રહ્યું છે, રસ્તાઓ પર સતત હિમવર્ષા ચાલુ છે. ઘણી જગ્યાએ તાપમાન માઈનસ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે, જેના કારણે મેદાની વિસ્તારોમાં ઠંડીનો પ્રકોપ અચાનક વધી ગયો છે. દિલ્હીથી પટના અને જયપુરથી લખનૌ સુધી ઠંડીએ લોકોને ધ્રૂજાવી દીધા છે. ડિસેમ્બરમાં ક્રિસમસ અને નવા વર્ષ પહેલા પણ ઠંડી રેકોર્ડ તોડવાની અણી પર છે. દિલ્હી સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં આકરો શિયાળો છે. સવારે દિલ્હી અને નોઈડા સહિત એનસીઆરમાં ધુમ્મસનું પાતળું પડ હતું. દિલ્હીના ઈન્ડિયા ગેટ પર લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઝરમર વરસાદને કારણે આગામી ૨૪ કલાક દરમિયાન દિલ્હી-એનસીઆરમાં ગાઢ ધુમ્મસ જોવા મળી શકે છે. તે જ સમયે, હવામાન વિભાગે ઘણા રાજ્યોમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વરસાદના કારણે મધ્યપ્રદેશ, પંજાબ, જમ્મુ-કાશ્મીર અને હરિયાણા જેવા રાજ્યોમાં આગામી સાત દિવસમાં તીવ્ર ઠંડીની સ્થિતિ વધુ વણસી શકે છે. આઈએમડીએ હિમાચલ પ્રદેશના ઉના, હમીરપુર, બિલાસપુર અને મંડી જિલ્લામાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

# દિલ્હીના મુખ્યમંત્રી આતિશીની ધરપકડ કરવામાં આવે તેવી કેજરીવાલને આશંકા

નવીદિલ્હી,તા.૨૫

દિલ્હીમાં ભાજપ અને આમ આદમી પાર્ટી મહિલા સન્માન યોજના અને વૃદ્ધો માટેની સંજીવની યોજનાને લઈને સામસામે છે. ભાજપે અરવિંદ કેજરીવાલ પર છેતરપિંડી અને જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો છે. દરમિયાન, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે દાવો કર્યો છે કે આગામી થોડા દિવસોમાં મુખ્યમંત્રી આતિશી સામે નકલી કેસ બનાવીને તેની ધરપકડ કરવામાં આવી શકે છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપના લોકો તેમની સરકાર વિરુદ્ધ ષડયંત્ર કરી રહ્યા છે. કેજરીવાલે ટ્વિટ કરીને કહ્યું કે આ લોકો મહિલા સન્માન યોજના અને સંજીવની યોજનાથી ખૂબ જ પરેશાન છે. તેઓએ આગામી થોડા દિવસોમાં નકલી કેસ બનાવીને આતિશીની ધરપકડ કરવાની યોજના બનાવી છે. તે પહેલા આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પર દરોડા પાડવામાં આવશે.

# યુપીના સંભલમાં સદીઓ જુની વાવ મળતા એએસઆઈએ નિરીક્ષણ કર્યું

(એચ.એસ.એલ),લખનૌ,તા.૨૫



ઉત્તર પ્રદેશના સંભલના ચંદૌસી વિસ્તારમાં મળેલ સદીઓ જૂની વાવનું બુધવારે ASI સર્વે ટીમ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભારતીય પુરાતત્વ સર્વેક્ષણની ટીમ પણ સંભલના લાડમ સરાય વિસ્તારમાં પહોંચી હતી. અહીં ખોદકામ દરમિયાન વહીવટીતંત્રને એક જૂનો કૂવો મળ્યો છે. ટીમે આ કૂવાનું પણ નિરીક્ષણ કર્યું હતું. સંભલ પ્રશાસન દ્વારા અહીં ખોદકામની કામગીરી ચાલી રહી છે. સંભલના ચંદૌસીમાં મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તાર લક્ષ્મણગંજમાં વર્ષોથી કાટમાળ અને માટી નીચે દટાયેલી જોવા મળેલી સ્ટેપવેલ બિલ્ડીંગ હવે સ્તરે સ્તરે લોકો સમક્ષ જાહેર થઈ રહી છે. મંગળવારે ચોથા દિવસે પણ ખોદકામ હાથ ધરાયું હતું. પાલિકાના ૩૦ કામદારો પાવડા વડે સ્ટેપવેલના ઉપરના માળેથી માટી કાઢવામાં વ્યસ્ત હતા. અંધારું થાય ત્યાં સુધીમાં, પગથિયાંની અંદર જતી તેર સીડીઓ સ્પષ્ટ દેખાય છે. બુધવારે પણ વાવમાંથી માટી કાઢવાની કામગીરી કરવામાં આવી હતી.

# રાતના અંધારામાં એલઓસીના નાળાઓમાં પાકિસ્તાનનો ગોળીબાર

જમ્મુ,તા.૨૫

પાકિસ્તાન તેની નાપાક પ્રવૃત્તિઓથી ક્યારેય હટતું નથી. પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓ સતત ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. હવે ફરી એકવાર પાકિસ્તાન ઘૂસણખોરીના ઈરાદા સાથે મોટું ષડયંત્ર રચી રહ્યું છે. રાતના અંધારામાં એલઓસીના નાળાઓમાં પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો. ઈન્ડિયા ટીવી દ્વારા મળેલી માહિતી મુજબ, પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ, આતંકવાદી કમાન્ડરો અને પાકિસ્તાની સેનાના વરિષ્ઠ અધિકારીઓએ થોડા દિવસો પહેલા ૧૫-૧૬ ડિસેમ્બરની વચ્ચે ત્રીજા પીઓકે બ્રિગેડમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં પાકિસ્તાની આર્મીના કર્નલ તૈમૂર મેજર આદિલ સાથે આતંકી રફીક નાઈ સૈફુલ્લાહ અને શમશીર નાઈ પણ હાજર હતા. તેમનો ઉદ્દેશ્ય જમ્મુમાં ઘૂસણખોરી કરીને જમ્મુ વિસ્તારને ફરી એકવાર સળગાવવાનો હતો.

# અમરેલી તાલુકાના નાના ભંડારીયા ગામે મધમાખીઓના હુમલામાં ખેડૂતનું મોત

અમરેલી, તા.૨૫



અમરેલી તાલુકાના નાના ભંડારીયા ગામે બે દિવસ પહેલા ખેતરમાં કામ કરતા ખેડૂત પર મધમાખીના ઝુંડના હુમલામાં ખેડૂતનું મોત નિપજતા ચકચાર મચી જવા પામી છે. નાના ભંડારીયા ગામના ખેડૂત હરિભાઈ જાદવભાઈ ખૂટ પોતાની વાડીએ સવારના સમયે ખેતીકામ માટે ગયા હતા અને આમલી નીચે કામ કરી રહ્યા હતા ત્યારે મધમાખીઓનો આખો મધપુડો તેમની ઉપર પડતા મધમાખીએ અસંખ્ય ડંખ તેમને મારી દીધા હતા. આ અંગે ૧૦૮ ને જાણ કરાતા તાત્કાલિક સારવાર વખતે તેઓને અમરેલી ખાતે લઈ જવામાં આવ્યા હતા પરંતુ બે દિવસની સારવાર બાદ ખેડૂતનું મોત થયું હતું. આ બનાવ અંગે નાના ભંડારીયા ગામના સરપંચ નરેશભાઈએ જણાવ્યું હતું કે આ વાડી વિસ્તારના આજુબાજુના ખેતરોમાં પણ મધમાખીઓનો ત્રાસ છે આ અંગે સરકાર દ્વારા તાત્કાલિક વન વિભાગને સૂચનાઓ આપવામાં આવે તેવી માંગ પણ તેઓએ કરી છે.


# સેક્સપિલ ખાઈને ૭ કલાક શરીરસુખ માણવાના ચક્કરમાં ઠંડીથી પ્રેમિકાનું મોત

(એચ.એસ.એલ),કાનપુર,તા.૨૫

યુપીના કાનપુરમાં એક યુવકે સેક્સવર્ધક દવા ખાઈને કિશોરી સાથે બે વખત શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ દરમિયાન સાત કલાક સુધી નગ્ન રાખવાના કારણે ઠંડીના કારણે સગીરાનું મોત થયું હતું. પોલીસે પ્રેમીની પૂછપરછ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળ્યા બાદ આ ખુલાસો કર્યો હતો. શિવરાજપુર પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામના રહેવાસી શુક્રવારે પોતાની પુત્રીને ઘરે એકલી મૂકીને સંબંધીના ઘરે લગ્ન માટે ગયા હતા. રાત્રે મૃતક યુવતી સાથે સૂઈ ગયેલ મોટા ભાઈની પુત્રીએ જણાવ્યું કે રાત્રે એક યુવક આવ્યો હતો. તેના આધારે પોલીસે તેના ગામથી ૨૦ કિમી દૂર નેવાડા ગામમાં રહેતા કુલદીપ કુમાર ઉર્ફે શોભિતને પકડી લીધો હતો. પછી આરોપીએ કહ્યું કે તેના ઘરે કોઈ નહોતું. આ કારણોસર તે રાત્રે ૮.૩૦ વાગ્યાની આસપાસ તેના ઘરે પહોંચ્યો હતો અને સવારે યુવતીની તબિયત બગડેલી જોઈને ભાગી ગયો હતો.

# રશિયા વતી લડી રહેલા ઉત્તર કોરિયાના ૩૦૦૦થી વધુ સૈનિકો માર્યા ગયા : યુક્રેન

કિવ,તા.૨૫



રશિયા સાથે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ મોટો દાવો કર્યો છે. ૨૩ ડિસેમ્બરે જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે રશિયાના કુર્સ્ક વિસ્તારમાં રશિયન સેના વતી લડી રહેલા ૩૦૦૦ થી વધુ ઉત્તર કોરિયાના સૈનિકો કાં તો મૃત્યુ પામ્યા છે અથવા ઘાયલ થયા છે. એક રિપોર્ટ અનુસાર ઓગસ્ટની શરૂઆતથી રશિયાએ લગભગ ૧૨,૦૦૦ નોર્થ કોરિયાના સૈનિકોને યુક્રેન મોકલ્યા છે.

ઝેલેન્સકીએ રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચે વધી રહેલા સૈન્ય સહયોગ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આનાથી આધુનિક યુદ્ધ તકનીક અને સૈન્ય અનુભવનું આદાન-પ્રદાન થઈ શકે છે. તેમણે ચેતવણી આપી હતી કે ઉત્તર કોરિયા અને રશિયા વચ્ચેના આ સહકારથી વધારાના સૈનિકો અને સૈન્ય સાધનોની સપ્લાય થઈ શકે છે. પરિણામે યુક્રેનને સખત જવાબ આપવો પડશે.

# અફઘાનના પક્તિકા પ્રાંતમાં પાકિસ્તાનની એરસ્ટ્રાઈક : ૧૫ લોકોના મોત નિપજ્યા

કાબુલ, તા.૨૫




પાકિસ્તાને અફઘાનિસ્તાનના પક્તિકા પ્રાંતના બર્મલ જિલ્લામાં હવાઈ હુમલો કર્યો, જેમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૫ લોકો માર્યા ગયા હતા. મૃત્યુઆંક વધવાની આશંકા છે. ખામા પ્રેસના અહેવાલ મુજબ, ૨૪ ડિસેમ્બરની રાત્રે પાકિસ્તાની હુમલામાં લમન સહિત સાત ગામોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જ્યાં એક જ પરિવારના પાંચ સભ્યો માર્યા ગયા હતા. સ્થાનિક સૂત્રોએ દાવો કર્યો છે કે બોમ્બ ધડાકા માટે પાકિસ્તાની જેટ જવાબદાર હતા. અહેવાલો દર્શાવે છે કે બરમાલનું મુર્ગ બજાર ગામ સંપૂર્ણપણે નાશ પામ્યું છે, હુમલામાં ઘણા લોકો ઘાયલ થયા છે. ખામા પ્રેસે અહેવાલ આપ્યો કે હવાઈ હુમલાની તપાસ કરવામાં આવી રહી છે અને તેની પુષ્ટિ કરવા અને હુમલાની જવાબદારી સ્પષ્ટ કરવા માટે વધુ તપાસની જરૂર છે. તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે પક્તિકાના બર્મલ પર હવાઈ હુમલા બાદ જવાબી કાર્યવાહી કરવાની પ્રતિજ્ઞા લીધી છે. મંત્રાલયે કહ્યું કે તેમની જમીન અને સાર્વભૌમત્વની રક્ષા કરવાનો તેમનો કાયદેસરનો અધિકાર છે, અને હુમલાની નિંદા કરી દાવો કર્યો કે ×વઝીરિસ્તાની શરણાર્થીઓ×ને નિશાન બનાવવામાં આવ્યા હતા.

**પોલીસ, તંત્રએ ઘટનાસ્થળે પહોંચી બચાવ રાહત કામગીરી હાથ ધરી**

# ઉત્તરાખંડમાં બસ ખીણમાં ખાબકી, ૪ના મોત

ભીમતાલ, તા.૨૫



ઉત્તરાખંડના કુમાઉં મંડલના ભીમતાલમાં આજે મોટી દુર્ઘટના બની છે. અલ્મોડાથી હલ્દ્વાની જઈ રહેલી રોડવેઝ બસ ભીમતાલ-રાનીબાગ મોટર માર્ગના આમડાલી નજીક ૧૫૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. બસમાં ૨૭ લોકો સવાર હતા. જેમાં હાલ ચાર લોકોના મોતની પુષ્ટિ થઈ છે. જ્યારે કેટલાક ગંભીર રીતે ઘાયલ થયા છે. દુર્ઘટનાની માહિતી મળતાં જ પોલીસ, તંત્રએ ઘટનાસ્થળે પહોંચીને બચાવ-રાહત કામગીરી હાથ ધરી હતી. ખીણમાંથી ઘાયલોને બહાર કાઢવામાં ખૂબ મુશ્કેલી પડી હતી. ઘાયલોને દોરડાં અને ખભા પર રાખીને પોલીસ અને સ્થાનિક લોકો દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. બીજી તરફ, ૧૫ એમ્બ્યુલન્સ હલ્દ્વાની મોકલવામાં આવી હતી. મોટા સ્તરે બચાવ ટીમ કામે લાગી ગઈ હતી. ઘાયલોને સીએચસી ભીમતાલ લઈ જવાયા છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ અકસ્માતને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે.

# કોંગ્રેસની સરકાર માત્ર રિબન કાપવા પર ધ્યાન આપતી હતી : વડાપ્રધાન મોદી

(એચ.એસ.એલ),ખજુરાહો,તા.૨૫




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ખજુરાહોમાં ૪૪ હજાર કરોડ રૂપિયાના કેન-બેતવા લિંક પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. આ સાથે ઓમકારેશ્વર ફ્લોટિંગ સોલાર એનર્જી પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ભારત રત્નથી સન્માનિત પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ પર આયોજિત આ કાર્યક્રમમાં પીએમ મોદીએ તેમની યાદમાં સ્ટેમ્પ અને સિક્કો પણ બહાર પાડ્યો હતો. પીએમ મોદીએ પોતાના ભાષણની શરૂઆત રામ-રામથી કરી હતી અને ત્યારબાદ ખ્રિસ્તી સમુદાયના લોકોને ક્રિસમસની શુભકામનાઓ પાઠવી હતી. પીએમ મોદીએ મોહન યાદવ સરકારના એક વર્ષ પૂર્ણ થવા પર મધ્યપ્રદેશના લોકોને પણ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ સરકારના વખાણ કરતા જણાવ્યું હતું કે સાંસદે એક વર્ષમાં વિકાસને વેગ આપ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે આજે દેશની પ્રથમ નદી ઈન્ટરલિંકિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. ઓમકારેશ્વર ફ્લોટિંગ સોલાર એનર્જી પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. રાજ્યમાં આ પ્રકારનો આ પહેલો પ્લાન્ટ છે. આજે પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલજીની જન્મજયંતિ છે. આજનો દિવસ સુશાસન અને આપણી પ્રેરણાનો દિવસ છે. દેશના વિકાસમાં અટલજીના યોગદાનને હંમેશા યાદ રાખવામાં આવશે. આજે મધ્યપ્રદેશના ૧૧૫૩ નવા અટલ ગ્રામ સેવા સદનના નિર્માણ માટે શિલાન્યાસ કરવામાં આવ્યો, આ માટેનો પ્રથમ હપ્તો પણ બહાર પાડવામાં આવ્યો છે. પીએમ મોદીએ કહ્યું- દેશની જનતાએ સતત ત્રીજી વખત કેન્દ્રમાં ભાજપની સરકાર બનાવી છે. આની પાછળ સુશાસનની માન્યતા સૌથી મજબૂત છે. જ્યાં ડાબેરી, કોંગ્રેસ અને ગઠબંધનની સરકારો ચાલી અને જ્યાં ભાજપની સરકારો હતી ત્યાં શું થયું, આ બધાના સુશાસનનું મૂલ્યાંકન કરવું જોઈએ. આ તમને જણાવશે કે અમે કેટલા સમર્પિત છીએ. આપણે આપણા પરસેવાથી સ્વતંત્રતા પ્રેમીઓના સપનાને પાણી આપી રહ્યા છીએ.

**આરીફ મોહમ્મદ ખાનને બિહારના રાજ્યપાલ બનાવાયા**

# કેન્દ્ર સરકારે પાંચ રાજ્યના રાજ્યપાલોની બદલી કરી

**બિહારના રાજ્યપાલને કેરળના રાજ્યપાલ બનાવવામાં આવ્યા**

ન્યુ દિલ્હી,તા.૨૫



કેન્દ્ર સરકારે મંગળવારે સાંજે પાંચ રાજ્યોના રાજ્યપાલોની બદલી કરી છે. પૂર્વ ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાને મણિપુરના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આરીફ મોહમ્મદ ખાનને બિહારના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. તેઓ કેરળના પ્રથમ રાજ્યપાલ હતા. ડૉ.હરિ બાબુ કંભમપતિને ઓડિશાના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. રાજ્યના વર્તમાન રાજ્યપાલે પદ પરથી રાજીનામું આપી દીધું છે. વિજય કુમાર સિંહને મિઝોરમના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. બિહારના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને કેરળના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## બાળક પોતાના પરિવાર સાથે ઝૂંપડામાં સૂતો હતો અને દીપડો ઉપાડી ગયો

# ખાંભાના પચપચીયા ગામની સીમમાં બાળકને ફાડી ખાતો દીપડો

### બાળકને બાવળની ઝાડીમાં ઘસડી જઈ મોતને ઘાટ ઉતાર્યો

અમરેલી,તા.૨૫

ખાંભા તાલુકાના પચપચિયા ગામની સીમમાં એક પરિવાર ઝૂંપડામાં સૂતો હતો, જેમાં ઉના તાલુકાના સામતેર ગામનો ૧૦ વર્ષનો બાળક મયૂર જીતુભાઈ સોરઠિયા પરિવાર વચ્ચે સૂતો હતો. દરમિયાન દીપડાએ લપાતા છુપાતા આવી બાળકને ઢસડી ૫૦૦ મીટર દૂર બાવળની ઝાડીઓ સુધી લઈ જઈ શિકાર કર્યો હતો. દીપડાએ બાળકને ફાડી ખાધા બાદ દીપડો નાસી છૂટ્યો હતો. ઘટનાની જાણ ખાંભા રેન્જ વન વિભાગને થતાં વન વિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી બાળકના શરીરના હાથ, પગ સહિત કેટલાક અવશેષો



મળતાં ખાંભા હોસ્પિટલમાં પી.એમ. માટે મૃતદેહ ખસેડવામાં આવ્યો હતો. સીમ વિસ્તારમાં દીપડાએ બાળકનો શિકાર કરવાની ઘટનાને લઈ સ્થાનિક ખેડૂતોમાં ફફડાટ સાથે ભયનો માહોલ છવાયો છે. દીપડાએ બાળક ઉપર હુમલો કર્યા બાદ બાળકનું મોત થતા ધારી ગીર પૂર્વ DCF રાજદીપ સિંહ ઝાલાએ ખાંભા તુલસીશ્યામ રેન્જને દીપડાને પકડવા માટે સૂચના આપતા હાલ વન વિભાગે દીપડાને પકડવા માટે લોકેશન લેવા માટેની કવાયત હાથ ધરી છે અને અલગ અલગ વિસ્તારમાં પાંજરા ગોઠવવામાં આવ્યાં છે.

### પરિવારજનો પહોચ્યા ત્યારે બાળકના અવશેષો જ બચ્યા હતા

મૃતક બાળકના પરિવારજનોએ જણાવ્યું હતું, 'અમો માલઢોર લઈ આવ્યા હતા. રાતે દીપડો બેથી અઢી વાગ્યાના ગાળામાં છોકરાને લઈ ગયો હતો, બૂમ પાડી એટલે અમને ખબર પડી, પછી અમે વન વિભાગને જાણ કરી બોલાવ્યા. છોકરાના મૃતદેહને અમે ખાંભા હોસ્પિટલમાં લાવ્યા છીએ. હોસ્પિટલ સત્તાવાળાઓએ બાળકનું પોસ્ટમાર્ટમ કરવાની તજવીજ કરવામાં આવી હતી.'

### ખુલ્લામાં ન સૂવા વનતંત્રનો અનુરોધ

ગીર પૂર્વ DCF રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, માનવ મૃત્યુની ઘટના બની છે. અમારી ટીમે ઘટના સ્થળે પહોંચી દીપડાનું લોકેશન લેવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. પાંજરા પણ ગોઠવી દીધાં છે. ઝડપથી દીપડો પાંજરે પુરાય તે માટેની કામગીરી શરૂ છે અને લોકોએ સીમમાં ખુલ્લામાં ન સૂવા અમે વારંવાર અપીલ કરી રહ્યા છીએ. લોકોએ જાગૃત થવું પડશે. ખુલ્લા વિસ્તારમાં ન સૂવા વન વિભાગની અપીલ છે.

## અમદાવાદમાં બાબાસાહેબની પ્રતિમાને ખંડીત કરનારા બે આરોપીઓ ઝડપાયા

અમદાવાદ,તા.૨૫



અમદાવાદના ખોખરામાં કે.કા.શાસ્ત્રી કોલેજ સામે જયંતિ વકીલની ચાલીની બહાર ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને તોડવા મામલે ક્રાઈમ બ્રાન્ચે ૨ આરોપીઓની ધરપકડ કરી ખોખરા પોલીસને સોંપતા તેમણે સરઘસ કાઢ્યું હતું. જ્યારે ૩ આરોપીઓ હજુ પણ ફરાર છે. આ સાથે જ ખંડિત પ્રતિમાને હટાવીને નવી પ્રતિમાનું અનાવરણ થતા જ બે દિવસથી ચાલતાં ધરણાં પણ પૂર્ણ થઈ ગયા છે. ખોખરા પોલીસે આરોપીઓનું સરઘસ કાઢી ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. જેમાં બાબાસાહેબની પ્રતિમાનું નાક તોડનારા આરોપીઓ કાન પકડી વાંકા વળી માફી માગતા જોવા મળ્યા હતા.

## ઓખા ખાતે આવેલી જેટી પર ક્રેન તૂટતા ત્રણ લોકોના મોત

દ્વારકા,તા.૨૫

દ્વારકાના ઓખા ખાતે આવેલી જેટી પર ક્રેન તૂટી પડવાના કારણે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ક્રેન તૂટીને નીચે પડતા તેની નીચે દબાઈ જવાથી બે અને દરિયામાં પડી જવાથી એક એમ કુલ ત્રણ વ્યક્તિના મોત નિપજ્યા હતા. સમગ્ર ઘટનાની જાણ થતાં જ ઓખા જેટી ઉપર ૧૦૮, ફાયર વિભાગ, પોલીસ તેમજ કોસ્ટગાર્ડની ટીમ દોડી આવી



હતી. ત્રણ લોકોના મૃતદેહને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તમામ ત્રણ મૃતકોની ઓળખ પણ થઈ ગઈ છે. મૃતકોની ઓળખ જીતેન કરાડી, અરવિંદ કુમાર અને નિશાંત સિંહ તરીકે થઈ છે. તંત્ર દ્વારા તમામના મૃતદેહને નજીકની સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ ખાતે મોકલવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, અકસ્માતમાં મૃત્યુ પામેલાં વ્યક્તિમાં એક ઈજનેર હોવાનું પણ સામે આવ્યું છે. ઘટના બાદ તંત્ર દ્વારા અન્ય કોઈ લોકો દટાયા છે કે કોઈ ઈજાગ્રસ્ત થયા છે કેમ કેમ તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ સાથે આ અકસ્માત કેવી રીતે સર્જાયો તે વિશે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

## સુરત નજીક સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનના ડબ્બા પાટા પરથી ખડી પડ્યા



સુરત,તા.૨૫

સુરતના કિમ રેલવે સ્ટેશને દાદર પોરબંદર સૌરાષ્ટ્ર એકસપ્રેસનાં ચાર ડબ્બા પાટા પરથી ઉતર્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. સૌરાષ્ટ્ર એકસપ્રેસનો પાર્સલ ભરેલો ડબ્બો પાટા પરથી પહેલા ખડી પડતા ફફડાટ મચ્યો હતો. ટ્રેનની સ્પીડ ઓછી હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. મળતી માહિતી મુજબ ટ્રેન કિમ સ્ટેશનથી થોડે જ દુર આગળ હતી ત્યારે પાર્સલ ભરેલો ડબ્બો પાટા પરથી ઉતરી ગયો હતો. તેની પાછળના અન્ય ત્રણ ડબ્બાને પણ અસર થઈ હતી. સદનસીબે ટ્રેનની સ્પીડ ઓછી હોવાથી આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. પશ્ચિમ રેલવેનાં પીઆરઓએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૯૦૧૫ સૌરાષ્ટ્ર એકસપ્રેસનો ડબ્બો ખડી પડયો હતો. એન્જીન પછીનો ડબ્બો ખડી પડયો હતો. એન્જીન પછીનો પાર્સલનો આ ડબ્બો પાટા પરથી નીચે ઉતર્યો હતો તેને કારણે પાછળના ત્રણ ડબ્બાને પણ વધતે ઓછે અંશે અસર થઈ હતી. જોકે ટ્રેનની સ્પીડ એકદમ ઓછી હોવાના કારણે મોટી દુઘર્ટના ટળી હતી.

### ટ્રેનની ગતિ ઓછી હોવાથી જાનહાનિ ટળી

## રાજયની સ્થાનિક સ્વરાજયની કચેરીઓ પર સોલાર પેનલ લાગશે

ગાંધીનગર,તા.૨૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની કચેરીઓની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ છે અને વીજ બિલ ભરવાના પણ ફાંફા છે. આ વચ્ચે આજે કેબિનેટની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી સ્થાનિક સ્વરાજ્યની કચેરીઓ વીજ બિલ ભરવાની માથાકૂટમાંથી મુક્ત થઈ જશે કારણ કે રાજ્યની તમામ સરકારી કચેરી પર સોલર પેનલ મૂકાશે. આ નિર્ણય મુજબ હવે ગ્રામ



પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ઈમારત પર સોલાર પેનલ મૂકાશે. આ નિર્ણયનો વિધાનસભા સત્ર બાદ સમગ્ર રાજ્યમાં અમલ કરવા વિચારણા ચાલી રહી છે. સોલાર પેનલ લગાવવા માટે સરકાર સબસિડી પણ આપશે. સોલાર પેનલની બાકીની રકમ પણ સરકાર ચૂકવી શકે છે. થોડા સમય પહેલા જ ૫૭ નગરપાલિકાએ રૂ. ૩૧૧ કરોડનું વીજ બિલ ભર્યું ન હોવાની વાત સામે આવી હતી. છેલ્લાં ઘણા વખતથી નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ બની છે કેમકે, વેરાની આવક ઘટી છે. આ જોતાં પાલિકા માટે આવકનું કોઈ સ્ત્રોત નથી.

## ગુજરાતમાં ૧૦ નવી અદ્યતન વોલ્વો બસને લીલી ઝંડી અપાઈ

ગાંધીનગર,તા.૨૫

ગુજરાત સરકારના ગોલ્ડન ગોલને ધ્યાને લઈને આજની પ્રજાને મુસાફરી દરમિયાન વધુ સુખાકારી યુક્ત પરિવહન સેવાઓ મળી રહે એ હેતુથી રાજ્ય વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત એસ.ટી. નિગમની ૧૦ નવી અદ્યતન વોલ્વો બસને ગાંધીનગરથી લીલી ઝંડી આપી હતી. આ નવી વોલ્વો બસ ૪૭ સીટીંગ કેપેસિટીની છે. વોલ્વો



બસ ૨x૨ લેધર અને આરામદાયક પુશબેક સીટ, સીસીટીવી કેમેરા, મોબાઈલ ચાર્જિંગ ફેસિલીટી, ફાયર સેફટી માટે અદ્યતન સ્પ્રીન્કલર સિસ્ટમ અને ઈમરજન્સી એક્ઝિટ ડોરની સુવિધાથી સુસજ્જ છે.






## અમરેલી સહિત રાજયમાં આવતીકાલથી માવઠાની હવામાન વિભાગની આગાહી

ગાંધીનગર,તા.૨૫

ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી છ દિવસમાં ઠંડી અને કમોસમી વરસાદની આગાહી કરી છે. જેમાં આગામી ૨૮ ડિસેમ્બર સુધીમાં રાજ્યના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ૧૫થી વધુ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે, ત્યારે ખેડૂતોની ચિંતા વધી છે. ૨૯થી ૩૧ ડિસેમ્બર સુધીમાં રાજ્યમાં શુષ્ક હવામાનની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આવતી કાલથી ૨૮ ડિસેમ્બર સુધીમાં વરસાદની આગાહી છે. જેમાં હવામાન વિભાગ દ્વારા ૨૬-૨૭ ડિસેમ્બરમાં કચ્છ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.











